**સુવિચાર**

''આપણાં માટે આપણી ''કુંડળી''' કરતાં આપણી ''મંડળી'' કેવી છે ! એ વધું અગત્યનું હોવું જોઈએ.'

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૩/૦૪/૨૦૨૬, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૨ ચૈત્ર વદ-૧ વર્ષ : ૧૭ અંક : ૦૯૩



ફરસાણ • ખમણ • મીઠાઈ
**શિવ** ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.


## સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં રાજકીય પક્ષોમાં દાવેદારોની ભીડ ઉમટી

# અમરેલી જિલ્લામાં સેવાનો જુવાળ કે ''રાજકીય રોજગારી''ની હોડ

**સૌથી વધુ દાવેદારો સત્તા પક્ષ ભાજપમાં ૪૫૦થી વધારે દાવેદારોએ ફોર્મ રજૂ કર્યા**

**જો કે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીમાં પણ દાવેદારો ફોર્મ ભરી રહ્યા છે**

**જિલ્લાની કુલ ૪૦૮ બેઠકો માટે ૧ હજાર કરતાં પણ વધારે દાવેદારો ઉભા થયા**

**ઉદ્યોગ વિહિન જિલ્લામાં અનેક વ્યકિતઓ રાજકારણમાંથી પણ રોજગારી મેળવી લેશે**





અમરેલી, તા. ૨
આગામી સ્થાનિક સ્વરાજયનીચૂંટણીઓનુંરણશિંગુફૂંકાઈ ચુકયું છે. ત્યારે અમરેલી જિલ્લા ભાજપની સેન્સ પ્રક્રિયાએ રાજકીય ગરમાવો વધારી દીધો છે. નિરીક્ષકો સમક્ષ ઉમેદવારી માટે જે પ્રકારે દાવેદારોનો રાફડો ફાટયો છે, તેણે નગરજનોઅનેબુધ્ધિજીવીઓમાંઅનેક સવાલોજન્માવ્યાછે. સેન્સ પ્રક્રિયા દરમિયાન એક–એક બેઠક પર અનેક દાવેદારોએ પોતાની દાવેદારી નોંધાવી હતી. અંદાજિત ૪૫૦થી વધુ લોકોએ ટિકિટ માટે ઈચ્છાવ્યકતકરીછે. આટલીમોટી સંખ્યામાં દાવેદારો જોઈને રાજકીય વિશ્લેષકોમાં એવી ચર્ચા જાગી છે કે, શું આ ખરેખર લોકસેવાની ભાવના છે કે પછી રાજકીય ક્ષેત્રને એક સુરક્ષિત "રોજગારી" અને હોદો મેળવવાના સાધન તરીકે જોવામાં આવી રહ્યું છે?

**અનુસંધાન પાના ૬ ઉપર**

## વિકાસના આધુનિકીકરણમાં દબાતી પરંપરા વચ્ચે પાલા ધારકોની રોજગારી છીનવાય જવાનો ભય

# સાવરકુંડલામાં નાવલી નદીનાં કાંઠે ''રિવરફ્રન્ટ''નાં નામે ગરીબોનાં પાલા અને કેબિનો ઉપર તંત્રનુ ગ્રહણ

**જૂની પરંપરાના દીવા અકબંધ રહે સૌના ઘરનો ચૂલો પ્રગટતો રહે અને માણસાઈના દીવા ન બૂઝાઈ તે જોવુ પડશે**




સાવરકુંડલા, તા. ૨
રાજયભરમાં રિવરફ્રન્ટ અને સ્માર્ટ સિટીના પ્રોજેક્ટ્સનો વેગ વધી રહ્યો છે, ત્યારે સાવરકુંડલાની ઐતિહાસિક ઓળખ સમાન 'નાવલી' નદીના કાંઠે એક ગંભીર સામાજિક અને આર્થિક સંકટ ઊભું થયું છે. વર્ષોથી પરંપરાગત રીતે વેપાર કરતા 'પાલા' ધારકો પર આજે વિસ્થાપિત થવાની તલવાર લટકી રહી છે. નામદાર અદાલતના નિર્ણય બાદ પ્રશાસન દ્વારા અપાયેલી બીજી નોટિસથી હજારો પરિવારોના ચૂલા ઓલવાઈ જવાની ભીતિ સેવાઈ રહી છે. સાવરકુંડલાના રિધ્ધિ–સિધ્ધિ ચોકથી રઝકાપીઠ સુધીના વિસ્તારમાં સૂચિત રિવરફ્રન્ટ પ્રોજેક્ટ અત્યારે ભારે ચર્ચા અને વિવાદનો વિષય બન્યો છે. શહેરના વિકાસ માટે રિવરફ્રન્ટ આવકાર્ય છે, પરંતુ જે વિસ્તારમાં તેનું આયોજન થઈ રહ્યું છે, તેનાથી સ્થાનિક અર્થતંત્ર અને સેંકડો પરિવારોની રોજીરોટી છીનવાઈ જવાની ભીતિ સેવાઈ રહી છે આ પાલા હટાવવાથી અનેક પરિવારો રોજગારી વિહોણા થશે, જે તેમને શહેર છોડી અન્યત્ર સ્થળાંતર કરવા મજબૂર કરશે. સરકારના 'સૌનો સાથ, સૌનો વિકાસ'ના સૂત્ર સામે અહીં ગંભીર પ્રશ્નાર્થ ચિન્હો ઉભા થયા છે. બુદ્ધિજીવીઓના મતે, રિધ્ધિ–સિધ્ધિ ચોકથી રઝકાપીઠ સુધીનો વિસ્તાર રિવરફ્રન્ટ કરતાં કોમર્શિયલ હેતુ માટે વધુ પ્રસ્તુત છે. સાવરકુંડલા એક

**અનુસંધાન પાના ૬ ઉપર**

# બાળકો ગંદકીમાંથી પસાર થવા મજબૂર

લાઠીના મતિરાળાની મતિરાળા પે. સેન્ટર શાળાનાં મુખ્ય ગેટ પાસે પેશાબનો ખાડો ભર્યો રહે છે. જે ઘણા સમયથી બદબુ મારે છે. નાના ભુલકાઓ અને રાહદારીઓ આ પેશાબની ગંધનો અનુભવ કરે છે. અહિંથી પસાર થતી વેળા ગંધને કારણે નાક પાસે હાથ અથવા રૂમાલ રાખવો પડે તેવી તિવ્ર ગંધ આવે છે.




**અપોલો હોસ્પિટલ્સ–અમદાવાદના સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા ઓપીડી અમરેલી માં...**

Apollo HOSPITALS

દર મહિનાના પહેલા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — **ડો. જતીન વખારિયા**, કન્સલટન્ટ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન, MBBS, DNB (Orthopedics), D'Ortho, FIAS

દર મહિનાના બીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — **ડો. પાર્થ જોષી**, MBBS, Dr NB ન્યુરોસર્જરી, એન્ડોવાસ્ક્યુલર અને વાસ્ક્યુલર ન્યુરોસર્જરીમાં ફેલોશિપ (મણિપાલ, બેંગ્લોર) મિનિમલી ઇન્વેસિવ અને એન્ડોસ્કોપિક સ્પાઇન સર્જન

દર મહિનાના ત્રીજા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — હેમેટો–ઓન્કોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંત લેફ્ટનન્ટ જનરલ (ડૉ.) વેલુ નાયરની ટીમમાંથી **ડો. સંદીપ ખેની**, હેમેટો–ઓન્કોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંત

દર મહિનાના ત્રીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — **ડો. શ્રેયા બુટાલા**, MD, DM Gastro (SGPGIMS), Consultant Gastroenterologist and Hepatologist

**આસ્થા હોસ્પિટલ**
લિલિયા રોડ, બી.એમ. ચોક, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
સંપર્ક : ૮૨૩૮૯૮૪૦૦૦ | ૭૬૯૮૮૧૫૩૧૫

રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો :
+91 8238984000 & 7698815315
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.

અપોલો હોસ્પિટલ, અમદાવાદ
પ્લોટ નં. ૧–એ, ભાટ, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, એરપોર્ટ રોડ, અમદાવાદ – ગાંધીનગર. 8401801066



**ડોક્ટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ**

**ડો. મૌલિક ભડાણીયા** — ગેસ્ટ્રોસર્જન, પેટ,આંતરડા,લીવરના સર્જન, તા. ૦૩/૦૪/૨૦૨૬- શુક્રવારે, બપોરે ૧૨ થી ૧

**ડો. વિશાલ પોપટાણી** — કાર્ડિયોલોજીસ્ટ, હૃદયરોગ નિષ્ણાંત, તા. ૦૩/૦૪/૨૦૨૬- શુક્રવારે, બપોરે ૧૨ થી ૧

**ડો. ધવલ તન્ના** — રૂમેટોલોજીસ્ટ, વા, સાંધા અને સ્નાયુના દુખાવાના નિષ્ણાંત, તા. ૦૪/૦૪/૨૦૨૬- શનિવારે, સવારે ૯ થી ૬

નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨–૨૯૯૪૩૪

**ડોક્ટર હાઉસ અમરેલી** — કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોકાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડયા

**અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલટન્ટ**



AyurGlow AYURVEDIC AESTHETICS
**ડલ અને ડ્રાય સ્કિનથી પરેશાન છો?**
બધા જ ઘરેલુ ઉપાયો અજમાવ્યા?
આયુરગ્લો આયુર્વેદિક એસ્થેટિક્સમાં કરાવો સ્કિન ગ્લો માટેની ટ્રીટમેન્ટ અને મેળવો ગેરેન્ટેડ રિઝલ્ટ.
આજે જ એપોઈન્ટમેન્ટ બુક કરો
+91 91060 20550



૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
**1,36,700/-** (૧૦ ગ્રામ)
રહેલ તા.૦૨/૦૪/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
**બાલમુકુંદ** જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

# લાઠીમાં ભંગારના ડેલામાં ‘‘આગ’’થી અફડાતફડી મચી







લાઠીની ગાંગડીયા નદી કાંઠે આવેલ ભંગારનાં ડેલામાં અચાનક આગ લાગતાં પ્લાસ્ટિક સહિતનો ભંગાર આગમાં ભસ્મીભૂત થયો. સ્થાનીકએ પાણીનો મારો ચલાવ્યો ભંગારનાં ડેલાનાં માલિકને રૂપિયા ૪ લાખનું નુકસાન થયુ. સ્થાનિક પાલિકામાં ફાયર ફાઈટર બંધ હાલતમાં રાબેતા મુજબ જોવા મળ્યું. અત્રેએ ઉલ્લેખનીય છે કે અમરેલી જિલ્લામાં ભંગારના ડેલામાં અવારનવાર આગની ઘટના બને છતાં પણ સ્થાનિક તંત્ર દ્વારા કોઈ ચકાસણી થતી નથી. તાજેતરમાં ધારી નજીક પણ આવી જ ઘટના બની હતી અને ત્યાં પણ ફાયર ફાઈટરનો અભાવ સામે આવ્યો હતો.

## ‘‘મૌનનું મહાયુધ્ધ અને ક્ષમાનું આકાશ : ગુડ ફ્રાઈડે’’

અમરેલી, તા. ૨

ઈતિહાસના પાના જયારે લોહીથી ભીંજાય છે, ત્યારે જ માનવતાના નવા અને તેજસ્વી પ્રકરણો લખાય છે. સદીઓ પહેલાં જેરૂસલેમની એ પથરાળ ધરતી પર જયારે કઢણાના સાગર સમાન પ્રભુ ઈસુના ખભા પર લાકડાનો ભારેખમ ક્રોસ મુકાયો, ત્યારે એ ભાર માત્ર લાકડાનો નહોતો; એ ભાર હતો સમગ્ર માનવજાતના પાપો, પીડા અને અહંકારનો. ‘ગુડ ફ્રાઈડે’ એટલે કાળના લલાટ પર લખાયેલી એવી મહાગાથા, જયાં દેખીતી હારમાં માનવતાનો પરમ વિજય સંતાયેલો હતો અને મૃત્યુના સન્નાટામાં અમરતાનો પડઘો હતો.



એન્જી.હાર્દિક ચંદારાણા–રાજકોટ.
મોબાઈલ : ૭૨૧૧૧૫૫૫૭૩

ગોલગોથાની ટેકરી પર જે ખીલીઓ ઈસુના દેહમાં જડાઈ રહી હતી, તે વાસ્તવમાં પથ્થર જેવા જડ માનવીય હૃદયને વીંધી રહી હતી. જરા કલ્પના તો કરો, જેની પાસે પલવારમાં આખું જગત બદલી નાખવાની દૈવી શકિ હતી, એ વિભૂતિ અસીમ પીડા વચ્ચે પણ મૌન રહી. એ ‘મૌન’ પથ્થર મારનારા ટોળાના શોરબકોર કરતાં પણ વધુ શકિતશાળી અને આક્રમક હતું. તેમણે માત્ર પોતાના અનુયાયીઓ માટે નહીં, પણ પોતાને પીડા આપનારાઓ માટે પણ પ્રાર્થના કરી, જે સાબિત કરે છે કે પ્રેમની કોઈ સીમા હોતી નથી. જયારે શરીરનું ટીપે ટીપું લોહી જમીન પર પછડાતું હતું, ત્યારે ધરતીની સાથે ત્યાં હાજર ક્રૂર સૈનિકોના હૃદય પણ ઓગળી રહ્યા હતા. ઈસુની આંખોમાં કોઈ માટે નફરત કે વેરનો અંશ સુધ્ધાં નહોતો, ત્યાં તો માત્ર અસીમ કઢણાનો મહાસાગર ઘૂઘવતો હતો.

એ ધૂંધળી થતી આંખોમાં તો બસ એક જ પરમ પ્રાર્થના હતી : ‘‘હે પિતા, આમને માફ કરજે, કારણ કે તેઓ જાણતા નથી કે તેઓ શું કરી રહ્યા છે...’’ ક્ષમાનું આવું અનંત આકાશ જગતે પહેલાં ક્યારેય જોયું નહોતું. ક્રોસ પર જડાયેલા ઈસુએ સાબિત કર્યું કે દુનિયાને જીતવા માટે શસ્ત્રોની નહીં, પણ આત્મબલિદાન અને નિઃસ્વાર્થ પ્રેમની જરૂર છે. પ્રેમ માટે સર્વસ્વ ન્યોછાવર કરવાની આ હિંમત જ ખરા અર્થમાં ઈશ્વરીય અંશ હોવાની સર્વોચ્ચ સાબિતી છે.

આજે જયારે આખી દુનિયા વેરઝેર, અવિશ્વાસ અને સંઘર્ષોની આગમાં સળગી રહી છે, ત્યારે ગુડ ફ્રાઈડેનો આ સંદેશ માત્ર ધાર્મિક પરંપરા નથી, પણ સુખેથી જીવવાની સાચી જડીબુટ્ટી છે. તે પવિત્ર લોહીના ટીપાં આજે પણ આપણને પૂછી રહ્યા છે : ‘‘શું આપણે આપણા અહંકારને ત્યાગીને કોઈને સાચા હૃદયથી માફ કરી શકીએ ખરા ?’’ તે દિવસે માત્ર ઈસુનો દેહ ક્રોસ પર નહોતો લટક્યો, પણ માનવની અંદર રહેલી નફરતને ખીલીઓ જડાઈ હતી.

ગુડ ફ્રાઈડે એટલે માત્ર શોકનો દિવસ નહીં, પણ આત્મચિંતનનો અવસર છે. તે યાદ અપાવે છે કે અંધકાર ગમે તેટલો ઘેરો હોય, પણ સત્ય અને પ્રેમનો દીવો હંમેશા પ્રજવલિત રહે છે. આ બલિદાન જ ‘ઈસ્ટર’ એટલે કે પુનરૂત્થાન અને નવી આશાનો મજબૂત પાયો છે. જો આપણે કોઈ એક વ્યકિતના અપરાધને હૃદયપૂર્વક માફ કરી શકીએ, તો જ આપણા જીવનમાં સાચા અર્થમાં ગુડ ફ્રાઈડે સાર્થક થશે. પ્રેમ જયારે સર્વસ્વ સમર્પિત કરે છે, ત્યારે એ મૃત્યુ નથી પામતો, પણ યુગો સુધી કરોડોના શ્વાસમાં ધબકાર બનીને જીવંત રહે છે.


### ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર : **કિશોરકુમાર એમ. પાઠક, (એડવોકેટ–નોટરી) રહે. મનુસ્મૃતી, કિકાણી પ્લોટ, ઉમીયા મંદીર રોડ, લીલીયા મોટા,** તે મારા અસીલ ખેતીની જમીન ખરીદનારની સુચના અને ફરમાઈશ મુજબ લાગતા વળગતાને જાણ કરવાની કે...

અમરેલી જિલ્લાના **લીલીયા તાલુકા**ના મોજે : **બોડીયા** ગામની નીચે મુજબની રેવન્યુ રેકર્ડની ખેતીની જમીનો આવેલ છે. તે ખેતીની જમીનો અમારા અસીલ રજી.વેચાણ દસ્તાવેજથી વેચાણ લેવા (ખરીદવા) માંગે છે. જે જમીનોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | નામ / ધારણકર્તા | ખાતાનંબર | સર્વે નંબર | હે.આરે.ચો.મી. |
|---|---|---|---|---|
| ૧ | જયંતીભાઈ દિયાળભાઈ કુંભાણી | ૬૧૪ | ૫૦૩ | ૦–૮૦–૯૪ |
| ૨ | ભાવનાબેન મગનભાઈ બાબરીયા વા/ઓ જયંતીભાઈ કુંભાણી | ૬૧૩ | ૫૦૩/પૈકી ૧ | ૧–૪૧–૬૦ |

સબબ ઉપરોકત વિગત વર્ણન વાળી ખેતીની જમીનો સંબંધે કે તેના કબ્જા સંબંધે કે કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો લાગ – ભાગ, હક્ક–હિસ્સો, બક્ષીસ, અગ્રહક્ક, વારસાઈ હક્ક કે લેણુ, ગીરો, બોજો કે ફાઈનાન્સ, સહકારી મંડળી, પ્રાઈવેટ ફાઈનાન્સ, કોઈપણ બેંક સરકારી સંસ્થા, કે કોઈપણ કરજ હોય તો અમોને ઉપર આપેલ સરનામે લેખીત આધાર પુરાવા સાથે દીન–૦૭ (સાત)માં જાણ કરવી, જો સમય મર્યાદામાં જાણ કરવામાં ન આવે તો કોઈના વાંધા તકરાર કે દર દાવો નથી તેમ માનીને આપનો હક્ક જતો એટલે કે વેવ કરેલ છે. તેમ સમજી અમો પાક્કો રજીસ્ટર વેંચાણ દસ્તાવેજ ઉપર આપેલ વ્યકિતઓ પાસેથી અમારા અસીલના નામે કરાવી આપીશું. ત્યારબાદ કોઈના વાંધા તકરાર અમારા અસીલના હક્ક, હીત, હીસ્સાને બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતાઓ એ તથા જાહેર જનતાએ નોંધ લેવી.

**તારીખ : ૦૨/૦૪/૨૦૨૬** **તે અમારા અસીલની સ્પષ્ટ સુચનાથી**

**રહે. મનુસ્મૃતી, કિકાણી પ્લોટ, ઉમીયા મંદિર રોડ, લીલીયામોટા, મો. ૯૪૨૭૪ ૨૯૫૯૦ ૯૮૨૪૬ ૬૧૫૦૦**

**કિશોરકુમાર એમ.પાઠક**
(એડવોકેટ એન્ડ નોટરી)


એડવોકેટ આર.એસ. ખીમસુરિયાની દલીલો સફળ

## અમરેલી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ પોકસો કેસમાં આરોપીઓનો નિર્દોષ છુટકારો

### બંને આરોપીઓને આરોપોમાંથી નિર્દોષ કરાયા

અમરેલી, તા. ૨

અમરેલી પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ), ૬૪(૨) (એમ), ૭૫(૨) તથા પોક્સો અધિનિયમ, ૨૦૧૨ની કલમ ૪, ૬, ૮, ૧૦, ૧૨, ૧૭ અને ૧૮ હેઠળ ગંભીર આરોપો મૂકવામાં આવ્યા હતા.

આ કેસની ટૂંકમાં હકીકત એ છે કે, હાલના આરોપી જયદીપગીરી અભયગીરી ગૌસ્વામી દ્વારા સગીર વયની યુવતીને લલચાવી, ફોસલાવી અને અપહરણ કરી, તેની સાથે રેપ કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ હતો. જયારે આરોપી નં. ૨ પિયુષ ઉર્ફે પીલો બાબુભાઈ પાળીયાદરા પર આ ગુનામાં સહાયતા કરવાનો આરોપ હતો. જયારે આરોપીપક્ષે દલીલો કરવામાં આવેલ કે, ફરિયાદ પક્ષના પુરાવામાં વિરોધાભાસ રેકર્ડ ઉપર આવેલ છે, તેમજ ભોગ બનનારનાં પુરાવામાં મહત્વના વિરોધાભાસ આવતા હોય તેમજ ભોગ બનનાર સગીર હોવાનું



પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ રહેલ છે, તેમજ મેડિકલ પુરાવાથી પણ કેસ સાબિત થતો નથી, આમ અદાલતે પોતાના ચુકાદામાં નોંધ્યું કે ફરિયાદપક્ષ પોતાનો કેસ શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ ગયું છે. કોર્ટએ ક્રિમિનલ કાયદાના સિદ્ધાંતોને ધ્યાનમાં લઈને જણાવ્યું કે શંકાનો લાભ હંમેશા આરોપીઓને મળવો જોઈએ. આથી અદાલતે બંને આરોપીઓને તમામ આરોપોમાંથી નિર્દોષ જાહેર કર્યા હતા.

આ કેસમાં આરોપીપક્ષે સિનિયર વકીલ આર.એસ. ખીમસુરિયા રોકાયેલ હતા.

શહેરમાં પધારવા બદલ

## અમરેલીનાં એક જાગૃત નાગરિકે મુખ્યમંત્રીનો આભાર માન્યો

### આપનાં કારણે શહેરમાં સ્વચ્છતા ઉભી થઈ



અમરેલી, તા. ૨

અમરેલીનાં વિકાસ કાર્યો માટે પહેલી એપ્રિલ ૨૦૨૬નાં રોજ મુલાકાત લીધેલી અને અમરેલીનાં વિકાસનાં ઘણા કાર્યો બાબતે આપે ઉદારતાથી સહાય કરી તે બાબતે આપને ખુબ ખુબ અભિનંદન. એક હળવી વાત પણ આપના ધ્યાને મૂકું છું. આપ જયારે જયારે અમરેલી આવો છો ત્યારે ત્યારે જે રસ્તા પરથી આપ પસાર થવાના હોય એ રસ્તાઓની સરસ મજાની સફાઈ થાય છે. અમારા માટે એ પણ ખુબ ઘણું ઘણું છે. સફાઈની એક તસવીર પણ આપને મોકલી છે.

ગુજરાતમાં પરિવર્તન માટેનો શંખનાદ ફૂંકાઈ ગયો છે : અમિત ચાવડા

## સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં કમિશન કમલમને કૌભાંડના શાસનને ઉખાડી ફેંકીશું

### સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ૫૦ ટકા ઉમેદવારો યુવાનો હશે

અમદાવાદ, તા. ૨

રાજકોટ ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ મીડિયાને સંબોધન કરતા જણાવ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી દ્વારા ઘણા લાંબા સમયથી તૈયારીઓ શરૂ કરવામાં આવી હતી. સમગ્ર સૌરાષ્ટ્રમાં કિસાન આક્રોશ યાત્રા અને ત્યારપછી ગુજરાતમાં જનઆક્રોશ યાત્રાના માધ્યમથી લોકો સાથે સીધો સંવાદ પ્રસ્થાપિત કર્યો હતો. સમગ્ર ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ભારતીય જનતા પાર્ટીના શાસકો ઉઘાડી લૂંટ મચાવી છે. પ્રજાના પરસેવાના ટેક્સના પૈસા લૂંટી રહ્યા છે અને ચારે બાજુ ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. તમામ વર્ગ વિસ્તારના લોકો સરકારને બદલવા માટે તૈયાર છે.

અમિત ચાવડાએ વધુમાં કહ્યું હતું કે, સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓમાં પ્રદેશના નિરીક્ષકો તાલુકાવાર મુલાકાતે ગયા હતા. ત્યાં સંભવિત ઉમેદવારોને ધ્યાનપૂર્વક સાંભળ્યા, કાર્યકરો સાથે સંવાદ કર્યો અને તમામ સ્તરે સંકલન કરવામાં આવ્યું. જિલ્લા કોંગ્રેસ સમિતિઓ દ્વારા રચાયેલી ચૂંટણી સમિતિઓએ પણ ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા પૂર્ણ કરી છે. હવે આ સમગ્ર પ્રક્રિયાને અંતિમ સ્વરૂપ આપવા માટે ચાર તારીખથી પ્રદેશ સ્તરે બેઠકની શરૂઆત થશે. પ્રભારીઓની ઉપસ્થિતિમાં આ પ્રક્રિયાને આખરી સ્વરૂપ આપવામાં આવશે. ત્યારબાદ પાંચમી તારીખથી તબકકાવાર રીતે ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવશે. સર્વપ્રથમ મહાનગરપાલિકાના ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવશે અને ત્યારબાદ તબક્કાવાર રીતે સમગ્ર ગુજરાતમાં લગભગ દસ હજાર જેટલી બેઠકો માટે ઉમેદવારોની જાહેરાત કરવામાં આવશે. કોંગ્રેસ પાર્ટીએ નક્કી કર્યુ છે કે, ઉમેદવારની પસંદગીમાં જિલ્લા ચૂંટણી સમિતિને પ્રાથમિકતા આપવામાં આવશે. શહેર અને જિલ્લા સ્તરે બનેલી ચુંટણી સમિતિઓ દ્વારા પસંદ કરાયેલા ઉમેદવારોને પ્રદેશ સમિતિ દ્વારા અંતિમ સંમતિ આપવામાં આવશે. પચાસ ટકા કરતાં વધારે બેઠકો પર યુવાનોને તક



આપવામાં આવશે. સમાજના પ્રશ્નો માટે અવાજ ઉઠાવનાર, લોકોના હક્ક અને અધિકાર માટે લડનાર, પંચાયતી રાજ તથા સ્થાનિક સ્વરાજય સંસ્થાઓને બચાવવા માંગે છે, એવા લોકો કોંગ્રેસ પાર્ટી માટે પ્રથમ પસંદગી રહેશે. સ્થાનિક સ્વરાજયની આવનારી ચૂંટણીઓમાં કોંગ્રેસ પાર્ટી સમગ્ર તાકાત સાથે લોકો વચ્ચે જશે, લોકોના પ્રશ્નોને કેન્દ્રમાં રાખીને લડત લડશે અને જનતાના આશીવાદ સાથે વિજય મેળવવાનો સંકલ્પ કરશે.

દરેક જિલ્લા કક્ષાએ મજબૂત લીગલ ટીમો પણ સક્રિય કરવામાં આવી છે. સામ, દામ, દંડ, અને ભેદની નીતિ અપનાવીને ઉમેદવારોને દબાણમાં મૂકવાના, ઉમેદવારી ફોર્મ રદ કરાવવાના, ઉમેદવારી ફોર્મ પાછા ખેંચાવવાના, તેમજ ડાવવાના અને ધમકાવવાના પ્રયત્નો થતા રહે છે. પરંતુ આ વખતે કોંગ્રેસ પાર્ટી આ પ્રકારના તમામ પ્રયત્નોનો મક્કમપણે સામનો કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. દરેક જિલ્લામાં ટીમોએ પૂર્વ તૈયારી કરી લીધી છે. લીગલ ટીમો પણ સજ્જ છે. જેથી કોઈપણ ઉમેદવાર સાથે અયોગ્યતા કે અન્યાય થાય તો તરત જ કાનૂની રીતે કાર્યવાહી કરી શકાય. આ વખતે કોંગ્રેસ પાર્ટીની આખી ટીમ પૂરી તાકાત સાથે ચૂંટણી લડવા માટે તૈયાર છે.

## રાજુલા : મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનું છતડીયા હેલિપેડ પર સ્વાગત



અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લાનાં રાજુલા તાલુકાનાં દેવકા મુકામે પૂ.ભાઈ શ્રી રમેશભાઈ ઓઝા સંચાલિત દેવકા વિદ્યાપીઠનાં નવનિર્મિત અદ્યતન ગર્લ્સ હોસ્ટેલ અને ભોજનાલય બિલ્ડિંગનાં લોકાર્પણ પ્રસંગે સહભાગી બનવા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ છતડીયા –રાજુલા સ્થિત હેલિપડ પર આવી પહોંચતા દેવકા વિદ્યાધામ ટ્રસ્ટીઓ, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા સહિતનાં મહાનુભાવોએ મુખ્યમંત્રીનું ઉષ્માભર્યુ સ્વાગત કર્યુ હતું.

છતડીયા–રાજુલા સ્થિત હેલિપેડ ખાતે જળસંપત્તિ મંત્રી ઈશ્વરસિંહ પટેલ, ઊર્જા અને કાયદો રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયા પણ મુખ્યમંત્રી સાથે આવી પહોંચ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, છતડીયા હેલિપેડ ખાતે મુખ્યમંત્રીનાં સ્વાગત વેળાએ દેવકા વિદ્યાપીઠ ટ્રસ્ટીઓ, રાજુલા ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, સાવરકુંડલા ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, રાજુલા પૂર્વ ધારાસભ્ય અંબરીષભાઈ ડેર, રાજુલા સ્થાનિક આગેવાનો, ભાવનગર જિલ્લા પોલીસ વડા પાંડે, રાજુલા પ્રાંત અધિકારી મેહુલ બરાસરા,આઈ.પી.એસ જયવીર ગઢવી સહિતનાં પદાધિકારીઓ, અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બાબરા ખાતે બટુક ભોજન, મહાપ્રસાદ, હનુમાન ચાલીસાનાં પાઠ સાથે હનુમાન જયંતીની ઉજવણી






તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા શહેર સહિત સમગ્ર પંથકમાં હનુમાન જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી શ્રી રામ ભકત હનુમાનજી દાદાના મંદિરે સવારથી ભાવિકોની ભારે ભીડ જોવા મળી રહી હતી શહેરમાં આવેલ શ્રી વધાવીયા હનુમાન મંદિરે ભવ્ય મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું મોટી સંખ્યામાં લોકોને મહાપ્રસાદનો લાભ મેળવ્યો હતો તેમજ ખંભાળા મુકામે આવેલ સંત તુલસીદાસ બાપુના આશ્રમે પણ રોકડીયા હનુમાનજી દાદા થાળ મહાઆરતી સહિતના કાર્યક્રમો યોજાયા હતા અહીં તાલુકા શાળમાં આવેલ હનુમાનજી દાદાને થાળ કરી શાળાના બાળકોને બટુક ભોજન કરાવ્યું તેમજ શહેરની વિવિધ સોસાયટીમાં વિસ્તારમાં તેમજ કોટન જિનમાં માર્કેટિંગ યાર્ડમાં પણ ભવ્ય હનુમાન જયંતીની ઉજવણી કરવામાં આવી હતી.

## જ્ઞાતિ, જાતિ ને બાજુ પર મુકીને દાવેદારોમાં કેટલી આવડત અને કુનેહ છે તે જોવુ પડશે

# પાલિકા/પંચાયતોની ટિકિટ આપતા પહેલા દાવેદારોની પરીક્ષા લો

**પાલિકા અને તાલુકા/જિલ્લા પંચાયતનાં સદસ્ય બનવા માટે પ્રાથમિક પરીક્ષા આપવી ફરજીયાત કરવી જોઈએ**

**નગરસેવક બનવું હોય તેને તેના વિસ્તારનાં પ્રશ્નો શું છે તેની જાણકારી છે કે નહી તે પુછવું જોઈએ**

**જો કોઈ પ્રશ્ન હોય તો તેનું નિરાકરણ કેવી રીતે કરી શકાય તે અંગે પણ જવાબ લેવો જોઈએ**

**શહેરમાં શું સમસ્યા છે, શહેરનાં વિકાસ માટે કેવુ વિઝન છે તેની પણ દાવેદાર પાસેથી ચકાસણી કરવી જોઈએ**

અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લાની સ્થાનિક સ્વરાજયની સંસ્થાની ચૂંટણી આગામી ૨૬ એપ્રિલે યોજાવાની હોય ચૂંટણી લડીને પાલિકા કે જિલ્લા/તાલુકા પંચાયતનાં સદસ્ય બનવા માટે હજારો કાર્યકરોમાં દોડધામ મચી છે. ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીની ટિકિટ મેળવવા માટે સૌ કામે લાગ્યા છે. સૌથી વધારે દાવેદારો સત્તા પક્ષ ભાજપમાં જોવા મળી રહ્યા છે.

હવે, ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી ધ્વારા ઉમેદવારોની પસંદગીની કવાયત શરૂ કરવામાં આવી છે. ત્યારે, રાજકીય પક્ષોનાં આગેવાનોએ જ્ઞાતિ, જાતિ, મારા, પરાયા જેવા બંધન તોડીને દરેક દાવેદારોની ચકાસણી કરવી જરૂરી બની છે. કારણ કે પાલિકા કે જિલ્લા/તાલુકા પંચાયતનાં સદસ્ય બન્યા બાદ મોટાભાગનાં ઉમેદવારો જનસુવિધા વધારવા અને જનદુવિધા ઘટાડવામાં નિષ્ફળ સાબિત થાય છે તો અમુક તો સદસ્ય બનીને ભ્રષ્ટાચારનાં કામે પણ લાગી જતાં હોય છે અને મતદારોને તેને વિજેતા બનાવવાનો કોઈ લાભ મળતો નથી.

રાજકીય પક્ષોનાં આગેવાનોએ જેટલા દાવેદારો છે તેની લેખિત કે મૌખિક પરીક્ષા લેવી જોઈએ અને તેને પ્રશ્ન કરવો જોઈએ કે તમારા વિસ્તારમાં શું સમસ્યા છે, સમસ્યા છે તો તેનું નિરાકરણ કેવી રીતે કરી શકાય અને શહેર કે ગ્રામ્ય વિસ્તારની જનતાની સુખાકારી માટે તમારી પાસે કેવું વિઝન છે. કદાચ અભ્યાસ ઓછો હશે તો ચાલશે પરંતુ, પ્રમાણિકતા, નિષ્ઠા અને જનતાની સેવા કરવાની ધગશ જરૂરી છે.

અમરેલી જિલ્લાની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ જેમાં ખાસ કરીને નગરપાલિકામાં ભ્રષ્ટાચારની અવારનવાર ફરિયાદ ઉભી થતી આવી છે. કેટલાક નગરસેવકો પ્રમુખ જેવા મહત્વનાં હોદા પર બેસીને લાખો રૂપિયાનાં માલિક પણ બની ગયા છે. જેમની પાસે સારૂ સ્કૂટર નહોતુ તે આલીશાન કારમાં પણ ફરતાં થઈ ગયા છે.

અમરેલી, સાવરકુંડલા, બાબરા, બગસરા, દાનગર અને નવી બનેલ ધારી પાલિકાની ચૂંટણી યોજાઈ રહી હોય તમામ શહેરોમાં આજે અનેક પ્રશ્નો યથાવત છે તેનું નિરાકરણ લાવી શકે તેવા તેજસ્વી વ્યકિતઓને જ ઉમેદવાર બનાવવા જરૂરી છે.

### જાગૃત એડવોકેટની લડત રંગ લાવી

## ચલાલાની સિટી સર્વે કચેરીમાં માહિતી આપવામાં થતા ઠાગાઠૈયા

**ગુજરાત માહિતી આયોગે સ્થાનિક માહિતી અધિકારીને ઠપકો આપતા ચકચાર**

અમરેલી, તા. ૨

ચલાલા અહીંના એડવોકેટ શાંતિલાલ એમ. રાઠોડ દ્વારા તા. ૧/૫/૨૬ના રોજ સીટીસર્વે કચેરી ચલાલાના જાહેર માહિતી અધિકારી પાસે મિલ્કત બાબતે માહિત માગતા નિયત સમયમાં માહિતી નહી મળતા જાહેર માહિતી અધિકારી અપીલ સમક્ષ પ્રથમ અપીલ કરતા આ અપીલ અધિકારીએ પણ માહિતી આપવા હુકમ કરવા છતાં તેમના હુકમનુ પણ ઉલ્લંઘન કરી માહિતી આપેલ નહીં આથી આ બાબતથી નારાજ થઈ ગુજરાત માહિતી આયોગ ગાંધીનગરમા બીજી અપીલ કરતા જેના હિયરીંગમા એડવોકેટ તરફથી સબળ રજુઆત થતાં અને માહિતી અધિકારી અધિનિયમને ગંભીરતાથી નહીં લઈ આ અધિનિયમની સદંતર અવહેલના કરેલ હોય જેથી હવે પછી કોઈ અરજદારને માહિતી આપવા ઈન્કાર ન કરે અને માહિતી અધિકાર અધિનિયમનો કાર્યદક્ષતાથી અમલ કરવા તાકીદ ફરમાવવા ગુજરાત માહિતી આયોગ દ્વારા જાહેર માહિતી અધિકારીને ઠપકો આપેલ અને હવે પછી કોઈ અરજદારને વિના કારણ માહિતી આપવા ઈન્કાર કરવો નહીં અને માહિતી અધિકાર અધિનિયમનો કાર્યદક્ષતાથી અમલ કરવા જવાબદાર માહિતી અધિકારીઓને સખ્ત તાકીદ પાઠવેલ છે.

## કોલડા ગામે કોલેશ્વર ધામ ખાતે ધજા મહોત્સવની ભવ્ય ઉજવણી, ભકતોની ભારે ઉપસ્થિતિ



અમરેલી, તા. ૨

કુકાવાવ તાલુકાના કોલડા ગામે આવેલ પવિત્ર યાત્રાધામ કોલેશ્વર ધામ ખાતે સંત કોલવા ભગતના મંદિરે ચૈત્ર સુદ પૂનમ, એટલે કે હનુમાન જયંતિના પાવન દિવસે ધજા મહોત્સવનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે સમગ્ર ગામમાં ભક્તિ અને ઉત્સાહનો માહોલ છવાઈ ગયો હતો.

ધજા મહોત્સવના યજમાન તરીકે ભાવેશભાઈ પ્રેમજીભાઈ સોરઠીયા અને મુકેશભાઈ સોરઠીયા દ્વારા બાવન ગજની ધજા મંદિરે અર્પણ કરવામાં આવી હતી. ભાવેશભાઈના નિવાસ સ્થાનેથી ધજાની વિધિવત પૂજા કરીને વાજતે ગાજતે શોભાયાત્રા કાઢવામાં આવી, જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો અને ભક્તો જોડાયા હતા.

કોલેશ્વર ધામએ ભક્તિ અને શ્રદ્ધાનું અનોખું કેન્દ્ર છે, જયાં માન્યતા મુજબ દ્વારકાધીશ પ્રભુએ દેવળ ફેરવીને સંત કોલવા ભગતને દર્શન આપ્યા હતા. આ ધામે અખંડ જયોત સ્વરૂપે પ્રભુ બિરાજમાન છે, જેના દર્શન માટે દૂર દૂરથી ભક્તો આવે છે.

કોલવા યુવક મંડળ અને ગામજનોના સહકારથી દર પૂનમે અહીં ધાર્મિક કાર્યક્રમો યોજાય છે, જેમાં બાળકોને બટુક ભોજન પણ કરાવવામાં આવે છે. ધજા મહોત્સવને લઈ સમગ્ર કોલડા ગામમાં ધાર્મિક ઉત્સવનો માહોલ જોવા મળ્યો હતો.


આપના શેરને લગતી મુંજવણોનું સચોટ સોલ્યુશન
IEPF માં ગયેલા શેર હવે પાછા મેળવો !
IEPF માં ટ્રાન્સફર થયેલા તમારા શેર ખાતરીપૂર્વક પરત મેળવી આપીએ છીએ
■ જુના શેર સર્ટિફિકેટનું ટ્રાન્સફર ■ બાકી રહેલા ડિવિડન્ટ મેળવવાની સેવા ■ શેર વારસાઈ (Transmission) પ્રક્રિયા પૂર્ણ ■ તમામ પ્રકારની શેર સંબંધિત માર્ગદર્શન ■ મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ માટે આજે જ સંપર્ક કરો ■ યોગ્ય માર્ગદર્શન સાથે સુરક્ષિત રોકાણ માટે રૂબરૂ મળો
SHYAM WEALTH CREATION
16-17, સિવિલિયા રોડ, ડાયમંડ માર્કેટ સામે, અમરેલી પર્થિલ સાવલિયા 99255 40007 - 99047 42662

‘‘અમરેલી એક્સપ્રેસ’’
અમરેલી શહેરમાં આપને ‘‘અમરેલી એક્સપ્રેસ’’ દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયકુંડા
Mo. 93770 03636

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241










લોકલ ફોર વોકલ ॥ જય પરશુરામ ॥ સુવિધા સાથે વિવિધતા
MAHAJAN મહાજન કેટરર્સ
ALL CATERING SOLUTIONS
EARLY MORNING BED TEA
BREAKFAST & SECOND BREAKFAST
WEL COME COLDRINKS - ELEVENSES
BRUNCH - LUNCH
AFTERNOON TEA & HIGH TEA
SUPPER - DINNER - LATE NIGHT SNAKES
હાર્દિક ત્રીવેદી
94 285 61 601
શ્યામ ટીવીએસ પાછળ, સ્ટેશન રોડ, અમરેલી.












### આસામમાં રાહુલ ગાંધીએ કર્યો કટાક્ષ

# ભારતે અમેરિકાને ઘણું આપ્યું, બદલામાં આપણને કંઈ ન મળ્યું

## આજે જો ભારત રશિયા, ઈરાન કે ઈરાક જેવા દેશો પાસેથી તેલ ખરીદવા માંગતું હોય, તો તેણે ટ્રમ્પ અને અમેરિકા પાસેથી મંજૂરી લેવી પડે છે : કોંગ્રેસ

દીસપુર, તા.૨

લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી ચૂંટણી પ્રચાર માટે આસામ પહોંચ્યા છે. આ દરમિયાન તેમણે કાર્બી આંગલોંગમાં એક ચૂંટણી રેલીને સંબોધિત કરી હતી. રાહુલ ગાંધીએ ભાજપ પર આકરા પ્રહાર કરતાં કહ્યું હતું કે, આસામ ફૂલોનો એક ગુલદસ્તો છે, જેમાં અલગ-અલગ ધર્મ, જાતિ અને વિચારધારાઓના લોકો સાથે રહે છે. તેમણે કહ્યું કે કોંગ્રેસની વિચારધારા છે કે હિન્દુસ્તાનની જનતાના હાથમાં અસલી તાકાત હોય અને દેશ ચલાવવામાં દરેક વર્ગને ભાગીદારી મળે. બીજી તરફ ભાજપની વિચારધારા છે કે આસામને દિલ્હીથી ચલાવવામાં આવે. રાહુલના મતે, અત્યારે આ જ લડાઈ ચાલી રહી છે.

રાહુલ ગાંધીએ કટાક્ષ કરતાં કહ્યું કે, અમે અનુચ્છેદ 244A એટલા માટે લાગુ કર્યો કારણ કે અમારું માનવું છે કે નિર્ણયો સ્થાનિક સ્તરે લેવાવા જોઈએ. આ નિર્ણયો ગુવાહાટી કે દિલ્હીથી નહીં, પરંતુ અહીં તમારા નેતાઓ અને પરિષદો લે. આ જ અમારી અને તેમની વચ્ચેનો તફાવત છે. તમને લાગે છે કે નિર્ણયોનો સિલસિલો ગુવાહાટીથી શરૂ થાય છે, પરંતુ એવું નથી.

રાહુલ ગાંધીએ સરકાર પર નિશાન સાધતા કહ્યું કે, આજે જો ભારત રશિયા, ઈરાન કે ઈરાક જેવા દેશો પાસેથી તેલ ખરીદવા માંગતું હોય, તો તેણે ડોનાલ્ડ ટ્રમ્પ અને અમેરિકા પાસેથી મંજૂરી લેવી પડે છે. આપણે પૂછ્યા વગર તેલ ખરીદી શકતા નથી. નરેન્દ્ર મોદીએ ભારતનો ડેટા ડોનાલ્ડ ટ્રમ્પને સોંપી દીધો છે. હવે તેઓ પોતાની મરજીથી આ ડેટાનો ઉપયોગ કરી શકે છે અથવા તેને જમા રાખી શકે છે. તેમણે એમ પણ કહ્યું કે મોદીએ વચન આપ્યું છે કે ભારત દર વર્ષે અમેરિકન કંપનીઓ પાસેથી ૯ લાખ કરોડ રૂપિયાનો સામાન ખરીદશે. આનાથી આપણા નાના વ્યવસાયો અને ઉદ્યોગોને ભારે નુકસાન થશે. ભારતે અમેરિકાને ઘણું આપ્યું છે, પરંતુ બદલામાં આપણને કંઈ મળ્યું નથી.

અહીં ટેક્સ વધી ગયો છે, આપણો ડેટા શેર થઈ ગયો છે અને તેલ ખરીદવાના વિકલ્પો ઘટી ગયા છે. સવાલ એ છે કે આ સોદો કેમ થયો? રાહુલ ગાંધીના જણાવ્યા અનુસાર, આવું એટલા માટે થયું કારણ કે ડોનાલ્ડ ટ્રમ્પ નરેન્દ્ર મોદીને નિયંત્રિત કરે છે.

વિપક્ષ નેતાએ આરોપ લગાવ્યો કે તમારી જમીન છીનવીને અદાણી, અંબાણી અને પતંજલિને આપી દેવામાં આવી છે. હજારો વીઘા જમીન બીજી મોટી કંપનીઓને પણ મળી છે. તમારે એ સમજવું પડશે કે આખરે આવું કેમ થઈ રહ્યું છે. થોડા દિવસો પહેલા નરેન્દ્ર મોદીએ ભારત અને અમેરિકા વચ્ચે એક કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. તમે વિચારતા હશો કે હું અહીં આની વાત કેમ કરી રહ્યો છું. તમારે એ સમજવું પડશે કે દબાણ ક્યાંથી આવી રહ્યું છે. તે કરારમાં ભારતની ખેતી-ખેડૂતોના રસ્તાઓ એવી રીતે ખોલવામાં આવ્યા છે, જેની ખરાબ અસર આપણા ખેડૂતો પર પડી રહી છે.

### ઈરાનનું ભારત અંગે મોટું નિવેદન

# અમારા ભારતીય મિત્રો સુરક્ષિત હાથોમાં છે, તમામ ભારતીયો સુરક્ષિત છે

## આ મેસેજ એવા સમયે સામે આવ્યો છે જ્યારે મિડલ ઈસ્ટમાં છેલ્લા એક મહિનાથી ભયંકર યુદ્ધ ચાલી રહ્યું છે

તેહરાન, તા.૨

અમેરિકા-ઈઝરાયલ સાથે યુદ્ધ લડી રહેલા ઈરાને ભારતીયોની સુરક્ષાને લઈને એક મોટો મેસેજ આપ્યો છે. ભારતમાં ઈરાની પ્રતિનિધિએ કહ્યું કે, અમારા ભારતીય મિત્રો સુરક્ષિત હાથોમાં છે, તમામ ભારતીયો સુરક્ષિત છે. ભારત સરકારે ચિંતા કરવાની કોઈ જરૂર નથી. આ મેસેજ એવા સમયે સામે આવ્યો છે જ્યારે મિડલ ઈસ્ટમાં છેલ્લા એક મહિનાથી ભયંકર યુદ્ધ ચાલી રહ્યું છે. અમેરિકા અને ઈઝરાયલે સંયુક્ત કાર્યવાહી કરતાં ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન પર હવાઈ હુમલો કર્યો હતો, જેમાં ઈરાની સુપ્રીમ લીડર અલી ખામેનેઈ અને અન્ય નેતાઓના મોત થઈ ગયા હતા. યુદ્ધની શરૂઆત બાદ ઈરાને પણ જવાબી હુમલો કરતાં મિડલ ઈસ્ટમાં સ્થિત ઘણા અન્ય દેશો પર હુમલો કર્યો છે. ઈરાને સાઉદી અરેબિયા, કતાર, બહેરીન અને અન્ય દેશોમાં સ્થિત અમેરિકન લશ્કરી ઠેકાણાને નિશાન બનાવ્યા છે.

ઈરાન, ઈઝરાયલ અને અમેરિકા વચ્ચે ચાલી રહેલું યુદ્ધ આજે દુનિયાના સૌથી મોટા અને ખતરનાક મુદ્દાઓમાંથી એક બની ગયું છે. અમેરિકા અને ઈઝરાયલનું કહેવું છે કે, ઈરાન પરમાણુ હથિયાર બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે, તેથી અમે ઈરાન પર હુમલો કર્યો છે, જ્યારે ઈરાન વારંવાર કહેતું રહ્યું છે કે, અમારો કાર્યક્રમ માત્ર વીજળી અને બીજા શાંતિપૂર્ણ કામો માટે છે. આ મુદ્દે વર્ષોથી તણાવ ચાલી રહ્યો હતો, જે હવે સીધો યુદ્ધમાં પરિવર્તિત થઈ ગયો છે.

અમેરિકા અને ઈઝરાયલ સાથે ચાલી રહેલા યુદ્ધમાં ઈરાન પોતાના સહયોગી જૂથોનો પણ ઉપયોગ કરી રહ્યું છે, જેમ કે લેબેનોનમાં હિઝબુલ્લાહ અને યમનમાં હુથીઓ ઈરાનને મદદ કરી રહ્યા છે. યુદ્ધની રીત પણ બદલાઈ ગઈ છે. આમાં હવાઈ હુમલા, મિસાઈલ અને ડ્રોન હુમલા, સાયબર હુમલા થઈ રહ્યા છે અને દરિયાઈ માર્ગો પર પણ જોખમ વધી ગયું છે. આમાં હોર્મુઝ સ્ટ્રેટ સૌથી ગંભીર મુદ્દો છે, જે ક્રૂડ ઓઈલ માટેનો સૌથી મહત્ત્વપૂર્ણ માર્ગ છે. જોકે હજુ સુધી જમીની સ્તર પર યુદ્ધ નથી શરૂ થયું, પરંતુ તેનો ખતરો યથાવત્ છે. અમેરિકા સતત સૈનિકોને મિડલ ઈસ્ટમાં મોકલી રહ્યું છે, જેની અસર સમગ્ર વિશ્વ પર પડી રહી છે. ઓઈલ અને ગેસ મિડલ ઈસ્ટમાંથી આવે છે, તેથી જેમ જેમ યુદ્ધ વધે છે, તેમ-તેમ ક્રૂડ ઓઈલના ભાવ વધે છે, જેની સીધી અસર પેટ્રોલ અને ડીઝલના ભાવ પર પડે છે.

ભારત પર પણ આ યુદ્ધની અસર સ્પષ્ટ દેખાઈ રહી છે. ભારત પોતાની ઓઈલની જરૂરિયાતનો મોટો હિસ્સો વિદેશોમાંથી ખરીદે છે, તેથી ઓઈલના ભાવ વધવાની સાથે અહીં પેટ્રોલ અને ડીઝલના ભાવ પણ વધી ગયા છે. આ ઉપરાંત ખાડી દેશોમાં કામ કરતાં લાખો ભારતીયોની સુરક્ષા પણ ચિંતાનો વિષય બની ગયો છે.વિદેશ મંત્રાલયે(MEA) સોમવારે (૩૦ માર્ચ, ૨૦૨૬) અહેવાલ આપ્યો હતો કે મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધ વચ્ચે અત્યાર સુધીમાં ૮ ભારતીયોના મોત થયા છે અને એક ગુમ છે. યુએસ સ્થિત માનવાધિકાર સંગઠન ૐઈછદ્વછના જણાવ્યા પ્રમાણે અત્યાર સુધીમાં ૩,૪૬૧ લોકોનો મોત થઈ ચૂક્યા છે, જેમાં ૧,૫૫૧ નાગરિકો અને ઓછામાં ઓછા ૨૩૬ બાળકો સામેલ છે. ઈન્ટરનેશનલ ફેડરેશન ઑફ રેડ ક્રોસ અને રેડ ક્રેસેન્ટ સોસાયટીઝનું કહેવું છે કે ઓછામાં ઓછા ૧,૯૦૦ લોકો માર્યા ગયા છે અને લગભગ ૨૦,૦૦૦ લોકો ઘાયલ થયા છે. લેબેનોનમાં ૨ માર્ચથી શરૂ થયેલા આ હુમલાઓમાં ઓછામાં ઓછા ૧૨૪ બાળકો સહિત ૧,૨૩૮ લોકો માર્યા ગયા છે. આ ઉપરાંત ૪૦૦થી વધુ હિઝબુલ્લાહ લડવૈયાઓ અને ૮ લેબેનોનની સેનાના સૈનિકો માર્યા ગયા છે. ઈરાનમાં પણ પરિસ્થિતિ ભયાનક છે, ત્યાં ૧૦૦થી વધુ લોકોના મોત થયા છે. ઈરાન અને લેબેનોનથી છોડવામાં આવેલી મિસાઈલોને કારણે ઈઝરાયલમાં ૧૯ લોકો માર્યા ગયા છે, જ્યારે ૫ સૈનિકો પણ માર્યા ગયા છે.

### દેશવાસીઓને ભરોસો આપતાં રાજનાથ સિંહે કહ્યું

# આપણા સશસ્ત્ર દળો કોઈપણ પડકારને પહોંચી વળવા સૂસજ્જ

## પશ્ચિમ એશિયાના સંઘર્ષને કારણે ગભરાવાની જરૂર નથી, સરકાર દરેક હિલચાલ પર નજર રાખી રહી છે : રાજનાથ સિંહ

નવી દિલ્હી, તા.૨

પશ્ચિમ એશિયામાં ઈરાન સાથે જોડાયેલા યુદ્ધના કારણે સર્જાયેલા વૈશ્વિક તણાવ વચ્ચે ભારતના સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે દેશની સુરક્ષાને લઈને અત્યંત કડક સંદેશ આપ્યો છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે વર્તમાન સુરક્ષા સ્થિતિને જોતાં ભારતનો પડોશી દેશ કોઈપણ પ્રકારનું દુઃસાહસ કે ખોટી હરકત કરી શકે છે, પરંતુ જો એવું થયું તો ભારતનો જવાબ અભૂતપૂર્વ અને નિર્ણાયક હશે. રાજનાથ સિંહે સ્પષ્ટતા કરતાં કહ્યું કે, દેશની સુરક્ષા અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને આપણા સશસ્ત્ર દળો કોઈપણ પડકારને પહોંચી વળવા માટે સંપૂર્ણ રીતે સજ્જ છે. આ નિવેદન માત્ર પડોશી દેશો માટે ચેતવણી નથી, પરંતુ એ સંકેત પણ છે કે ભારત હવે દરેક ખતરાનો જડબાતોડ જવાબ આપવા તૈયાર છે.

દેશવાસીઓને ભરોસો આપતાં રાજનાથ સિંહે કહ્યું કે, આપણે આપણા નાગરિકોની રક્ષા માટે દરેક જરૂરી પગલાં લેવા સક્ષમ પણ છીએ અને તૈયાર પણ છીએ. આ સાથે તેમણે પશ્ચિમ એશિયાના સંઘર્ષને કારણે લોકોને આશ્વાસન આપતાં કહ્યું કે, ગભરાવાની જરૂર નથી. સ્થિતિ ગંભીર ચોક્કસ છે પરંતુ સરકાર દરેક હિલચાલ પર ઝીણવટભરી નજર રાખી રહી છે. સરકાર કડક વલણ અપનાવવાની સાથે જ જનતાનો વિશ્વાસ પણ જાળવી રાખવા માંગે છે. જો કોઈ દુઃસાહસ કરશે તો ભારત આ વખતે તેને છોડશે નહીં. સેના દરેક પરિસ્થિતિનો સામનો કરવા તૈયાર છે અને કોઈપણ પ્રકારના ઉશ્કેરણીજનક પગલાંને સહન કરવામાં આવશે નહીં.

આ દરમિયાન દેશમાં ઊર્જા સંકટની ફેલાઈ રહેલી અફવાઓ પર પણ સંરક્ષણમંત્રીએ પૂર્ણવિરામ મૂક્યું છે. તેમણે ઊર્જા સંકટની આશંકાઓને ફગાવતાં કહ્યું કે, કેટલાક લોકો યુદ્ધના બહાને ખોટી માહિતી ફેલાવીને ડરનો માહોલ બનાવી રહ્યા છે, પરંતુ દેશમાં પેટ્રોલ, ડીઝલ કે રસોઈ ગેસની કોઈ જ અછત નથી. તેમણે લોકોને અફવાઓથી દૂર રહેવા અપીલ કરી અને ખાતરી આપી કે જરૂરી સંસાધનોનો પુરવઠો સામાન્ય છે. વિદેશમાં રહેતા ભારતીયોની સુરક્ષા પણ સરકારની મોટી જવાબદારી છે અને તે માટે જરૂરી યોજનાઓ તૈયાર કરવામાં આવી રહી છે.અંતે પીએમ મોદીના નેતૃત્વનો ઉલ્લેખ કરતાં રાજનાથ સિંહે જણાવ્યું કે, સરકાર ઉચ્ચ સ્તરીય બેઠકો દ્વારા સતત સ્થિતિની સમીક્ષા કરી રહી છે. કોઈપણ કટોકટીમાં તાત્કાલિક કાર્યવાહી કરવા માટે વ્યૂહનીતિ તૈયાર છે. તેમણે દેશના હિતમાં સૌને રાજનીતિથી ઉપર ઉઠીને એકજૂથ રહેવા અપીલ કરી હતી. રાજનાથ સિંહનો આ સંદેશ સ્પષ્ટ છે કે ભારત હવે કોઈ પણ ખતરાને હળવાશથી લેશે નહીં અને દેશની સુરક્ષા સાથે કોઈ સમજૂતી કરવામાં આવશે નહીં.

### હૈદરાબાદ, દિલ્હી, બેંગલુરુમાં તપાસ

# બંગાળ કોલસા કૌભાંડઃ તૃણમૂલ સાથે સંકળાયેલી કંપનીમાં EDના દરોડા

## સર્ચ ઓપરેશનમાં I-PACના ડાયરેક્ટર ઋષિરાજ સિંહના બેંગલુરુ સ્થિત નિવાસસ્થાનને પણ નિશાન બનાવાયું છે

નવી દિલ્હી, તા.૨

પશ્ચિમ બંગાળના કરોડો રૂપિયાના કોલસા કૌભાંડમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા આજે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. તપાસ એજન્સીએ જાણીતી રાજકીય સલાહકાર સંસ્થા I-PAC (ઈન્ડિયન પોલિટિકલ એક્શન કમિટી) સાથે જોડાયેલા અનેક સ્થળો પર એકસાથે દરોડા પાડ્યા છે. હૈદરાબાદ, બેંગલુરુ અને દિલ્હીમાં ચાલી રહેલા આ સર્ચ ઓપરેશનમાં I-PACના ડાયરેક્ટર ઋષિરાજ સિંહના બેંગલુરુ સ્થિત નિવાસસ્થાનને પણ નિશાન બનાવવામાં આવ્યું છે. આ અગાઉ જાન્યુઆરી મહિનામાં EDએ સંસ્થાના કોલકાતા સ્થિત કાર્યાલય અને અન્ય ડાયરેક્ટર પ્રતીક જૈનના નિવાસસ્થાનો પર પણ સર્ચ કર્યું હતું.આ કેસમાં ત્યારે મોટો વળાંક આવ્યો જ્યારે અગાઉ કરવામાં આવેલા દરોડા દરમિયાન પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને તૃણમૂલ કોંગ્રેસના અન્ય નેતાઓ I-PACની સોલ્ટ લેક સ્થિત ઓફિસે પહોંચી ગયા હતા. તપાસ એજન્સી EDએ ગંભીર આક્ષેપ કર્યો છે કે, દરોડાની કાર્યવાહી ચાલુ હતી ત્યારે મુખ્યમંત્રીએ ત્યાંથી મહત્ત્વના દસ્તાવેજો અને ઈલેક્ટ્રોનિક ઉપકરણો જેવા પુરાવાઓ હટાવી દીધા હતા. આ મામલે હવે કેન્દ્રીય એજન્સીએ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના દ્વાર ખખડાવ્યા છે અને CBI પાસે સ્વતંત્ર તપાસ કરાવવાની માંગ કરી છે. EDનું માનવું છે કે રાજ્ય સરકારના કથિત હસ્તક્ષેપને કારણે આ કેસમાં તટસ્થ તપાસ થવી ખૂબ જ જરૂરી છે.તપાસ એજન્સીનો દાવો છે કે કોલસા કૌભાંડના ગુનામાંથી મેળવેલા આશરે રૂ.૧૦ કરોડ હવાલા માર્ગે I-PACને પહોંચાડવામાં આવ્યા હતા. આ રકમ ૨૦૨૨ની ગોવા વિધાનસભા ચૂંટણીમાં તૃણમૂલ કોંગ્રેસ માટે સંસ્થાએ ભજવેલી ભૂમિકાના બદલામાં ચૂકવવામાં આવી હોવાની આશંકા છે. ઉલ્લેખનીય છે કે, I-PAC હાલમાં પશ્ચિમ બંગાળની આગામી વિધાનસભા ચૂંટણીઓ માટે મમતા બેનર્જીની વ્યૂહરચના ઘડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહી છે. આ દરોડા બાદ રાજ્યમાં ફરી એકવાર રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે.

### યુદ્ધને કારણે સરકારે નાબૂદ કરી ઇમ્પોર્ટ ડ્યુટી

# યુદ્ધ વચ્ચે સરકારની મોટી જાહેરાત, ૪૦થી વધુ સામાનો પર ઇમ્પોર્ટ ડ્યૂટી ખતમ

## ૩૦ જૂન સુધી રસાયણ અને ખાતર ઉદ્યોગને મળશે લાભ

નવી દિલ્હી, તા.૨

મધ્યપૂર્વમાં ચાલી રહેલા જંગને કારણે ઉભા થયેલા વૈશ્વિક સંકટ વચ્ચે કેન્દ્ર સરકારે ખાતર કંપનીઓને મોટી રાહત આપી છે. સરકારે એમોનિયમ નાઈટ્રેડ પર લાગનાર ઈમ્પોર્ટ ડ્યૂટીમાં રાહત આપી છે. સાથે ઘણા પેટ્રોકેમિકલ ઉત્પાદકો પર પણ આયાત શુલ્ક હટાવી દીધું છે. આ છૂટ ૨ એપ્રિલથી ૩૦ જૂન સુધી લાગૂ રહેશે.

સરકારે ખાતર અને રસાયણ ઉદ્યોગને રાહત આપતા ઘણા જરૂરી કાચા માલ પર ઈમ્પોર્ટ ડ્યૂટી શૂન્ય કરી દીધી છે. આ નિર્ણય તેવા સમયે લેવામાં આવ્યો છે, જ્યારે દુનિયાભરમાં જંગ અને સપ્લાય સંકટને કારણે ઉદ્યોગો પર સતત દબાવ વધી રહ્યો છે.નાણા મંત્રાલય તરફથી જારી નોટિફિકેશન પ્રમાણે આશરે ૪૦ પ્રકારના પેટ્રોકેમિકલ કાચા માલ અને મધ્યવર્તી ઉત્પાદનો પર આયાત શુલ્ક ખતમ કરવામાં આવ્યું છે. તેમાં એમોનિયમ નાઈટ્રેટ, મેથનોલ, ફિનોલ, પીવીસી અને પોલીપ્રોપાઈલીન જેવા મહત્વના રસાયણ સામેલ છે. સરકારનું કહેવું છે કે આ પગલું સામાન્ય જનતાના હિતમાં ઉઠાવવામાં આવ્યું છે, જેથી વર્તમાન વૈશ્વિક સંકટ વચ્ચે ઉદ્યોગોનો રાહત મળી શકે.

સરકારના આ નિર્ણયથી કાસ કરી ખાતર કંપનીઓને મોટી રાહત મળવાની આશા છે. એમોનિયમ નાઈટ્રેટ જેવા રસાયણ ખાતર બનાવવા માટે જરૂરી હોય છે. તેનાથી ઉત્પાદન ખર્ચ ઓછો થશે અને આપૂર્તિ વ્યવસ્થા પર દબાવ પણ ઘટશે. એમોનિયમ નાઈટ્રેટ પર લાદવામાં આવતો કૃષિ માળખાગત સુવિધા અને વિકાસ ઉપકર પણ દૂર કરવામાં આવ્યો છે, જે ખાતર ક્ષેત્રને વધારાનો લાભ આપશે. કુલ મળી સરકારનું આ પગલું ઉદ્યોગો માટે ખર્ચ ઘટાડનાર મોટું રાહત પેકેજ માનવામાં આવી રહ્યું છે. આ નિર્ણયથી ઉદ્યોગો માટે કાચો માલ સસ્તો થઈ જશે. સપ્લાય ચેનની સમસ્યા દૂર કરવામાં મદદ મળશે અને ઉત્પાદન ખર્ચ ઘટશે. સાથે મોંઘવારીને નિયંત્રણ કરવાનો સહારો મળશે. જે રસાયણોને છૂટ આપવામાં આવી છે, તેમાં પાયાના ઔદ્યોગિક રસાયણ સામેલ છે, જેમ કે મિથેનોલ, એસીટિક અમ્લ, ફિનોલ, ટોલ્યુઈન અને એમોનિયા, જેનો ઉપયોગ લગભગ દરેક રસાયણ ઉદ્યોગમાં થાય છે.પેટ્રોકેમિકલ અને પ્લાસ્ટિક કાચા માલ પર ડ્યૂટી હટાવવાથી પેકેજિંગ, વાહન, ઈલેક્ટ્રોનિક અને ઉપભોક્તા સામાન બનાવનાર ક્ષેત્રને ફાયદો થશે. ઉચ્ચ સ્તરીય એન્જિનિયરિંગ સામગ્રીનો ઉપયોગ અંતરિક્ષ, રક્ષા, સ્વાસ્થ્ય ઉપકરણ અને ઈલેક્ટ્રોનિક્સમાં થાય છે. આ સિવાય ઘણા રસાયણોનો ઉપયોગ પીવીસી પાઈપ, પેન્ટ, કોટિંગ અન ઈંસુલેશન સામગ્રી બનાવવામાં પણ થાય છે.

વાહન ઉદ્યોગમાં પ્લાસ્ટિકના સ્પેરપાર્ટ્સ અને સીટ ફોમ બનાવવામાં પણ આ રસાયણનો ઉપયોગ થાય છે. જે ઉત્પાદકો પર ડ્યૂટી હટાવવામાં આવી છે, તેમાં ઘણા રસાયણો એવા છે જેનો ઉપયોગ દવા ઉદ્યોગમાં થાય છે, જેનાથી દવાના ઉત્પાદનમાં સરળતા રહેશે. એમોનિયમ નાઈટ્રેડ પર ડ્યૂટી હટાવવાથી ખાતરની ઉપલબ્ધતા રહેશે અને તેની કિંમતોને સ્થિર રાખવામાં મદદ મળશે.

# કોર્ટે બંગાળને દેશનું સૌથી વધુ ધ્રુવીકૃત રાજ્ય ગણાવ્યું

નવી દિલ્હી, તા.૨

પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીના વિવાદને પગલે સાત ન્યાયિક અધિકારીઓને બંધક બનાવવાની ઘટનાના પડઘા હવે સુપ્રીમ કોર્ટમાં પડ્યા છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંતે આ ઘટનાને શરમજનક ગણાવતાં કહ્યું કે, જ્યારે તેમણે મોડી રાત્રે કડક આદેશ આપ્યો ત્યારે જ રાજ્યનું વહીવટીતંત્ર હરકતમાં આવ્યું હતું.સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસે પશ્ચિમ બંગાળના એડ્વૉકેટ જનરલને સંબોધતાં અત્યંત કડક શબ્દોનો ઉપયોગ કર્યો હતો. CJIએ ખુલાસો કર્યો કે, હું રાત્રે ૨ વાગ્યા સુધી નજર રાખી રહ્યો હતો. બંધક બનાવાયેલા ન્યાયિક અધિકારીનો ૫ વર્ષનો બાળક ઘરે એકલો હતો, છતાં પ્રશાસન નિષ્ક્રિય હતું. કોર્ટે બંગાળને દેશનું સૌથી વધુ ધ્રુવીકૃત રાજ્ય ગણાવ્યું અને કહ્યું કે અહીં દરેક વસ્તુને રાજકીય ચશ્માથી જોવામાં આવે છે. અદાલતે આ ઘટનાને પૂર્વ આયોજિત ગણાવી હતી, જેનો હેતુ ચૂંટણી પ્રક્રિયામાં રોકાયેલા અધિકારીઓનું મનોબળ તોડવાનો હતો.કોર્ટે નોંધ્યું કે, જ્યારે હિંસા થઈ રહી હતી ત્યારે ન તો જિલ્લા મેજિસ્ટ્રેટ કે ન તો એસપી ઘટનાસ્થળે પહોંચ્યા હતા. કલકત્તા હાઈકોર્ટના ચીફ જસ્ટિસે પત્ર લખીને જાણ કરવી પડી અને અંતે ડીજીપી અને ગૃહ સચિવને બોલાવવા પડ્યા હતા. સુપ્રીમ કોર્ટે મુખ્ય સચિવ અને ડીજીપીના આચરણને સદંતર નિંદનીય ગણાવ્યું છે. પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી પહેલા S.I.R. (Special Intensive Revision) પ્રક્રિયા પૂર્ણ થયા બાદ વિપક્ષોએ આરોપ લગાવ્યો છે કે મોટા પાયે મતદારોના નામ યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

આ મુદ્દે માલદાના કાલિયાચક-II BDO ઑફિસમાં અધિકારીઓને ઘેરી લેવામાં આવ્યા હતા.ભાજપ આઈટી સેલના અમિત માલવીયાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને દાવો કર્યો કે, નેશનલ હાઈવે-૧૨ જામ કરી દેવાયો હતો અને ઉત્તર-દક્ષિણ બંગાળનો સંપર્ક કપાઈ ગયો હતો.

ત્રણ મહિલાઓ સહિત સાત અધિકારીઓ અંદર ફસાયેલા હતા અને સ્થાનિક પોલીસ મૂકપ્રેક્ષક બની રહી હતી.પશ્ચિમ બંગાળમાં ૨૩ અને ૨૯ એપ્રિલે મતદાન થવાનું છે. આ સંજોગોમાં ન્યાયિક અધિકારીઓ પરના હુમલા અને સુપ્રીમ કોર્ટની ફટકાર બાદ ચૂંટણી પંચ સુરક્ષા વ્યવસ્થામાં મોટા ફેરફાર કરે તેવી શક્યતા છે.

### બોલવા પર પણ લાગ્યો પ્રતિબંધ

# AAP એ રાઘવ ચઢ્ઢાને આપ્યો ઝટકો, ઉપનેતા પદેથી હટાવ્યા

નવી દિલ્હી, તા.૨

રાજ્યસભા સાંસદ રાઘવ ચઢ્ઢાને મોટો ઝટકો લાગ્યો છે. આમ આદમી પાર્ટીએ ચઢ્ઢાને રાજ્યસભાના ઉપનેતા પદેથી હટાવી દીધા છે. તેમની જગ્યાએ સાંસદ અશોક મિત્તલ આપના ઉપનેતા હશે. આમ આદમી પાર્ટીએ રાજ્યસભા સચિવાલયને કહ્યુ કે રાઘવ ચઢ્ઢાને ગૃહમાં પાર્ટી નેતા તરીકે બોલવાની તક આપવામાં ન આવે. એટલે કે તેમના રાજ્યસભામાં બોલવાના સમય પર પણ કાતર ફરશે.સૂત્રોનું માનીએ તો સંસદમાં તેમને બોલવા માટે ફાળવવામાં આવતા સમયમાં પણ ઘટાડો થવાનો છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક સમયથી રાઘવ ચઢ્ઢા સંસદમાં લોકો સાથે જોડાયેલા મુદ્દા જોરશોરથી ઉઠાવી રહ્યાં છે, જેમાં એરપોર્ટ પર ૧૦ રૂપિયાની ચાથી લઈને ડિલીવરી વર્કરના મુદ્દા સામેલ છે. આ વચ્ચે તેમના પર કાર્યવાહી કરવામાં આવી છે.સૂત્રો પ્રમાણે રાઘવ ચઢ્ઢા પાર્ટી સાથે ચર્ચા કર્યા વગર કેટલાક મુદ્દા પર બોલી રહ્યા હતા. તે રાજ્યસભામાં ક્યા મુદ્દા પર વાત રાખવાના છે, તેની જાણકારી પણ પાર્ટીને આપતા નહોતા. આમ આદમી પાર્ટીએ આ મુદ્દે ચઢ્ઢાને ચેતવણી પણ આપી હતી. પરંતુ પાર્ટી તરફથી તેમના વિરુદ્ધ કેમ કાર્યવાહી કરવામાં આવી તેનું કારણ જણાવવામાં આવ્યું નથી. પરંતુ પાર્ટીના આ નિર્ણય પાછળ અનુશાસનહીનતા અને પાર્ટી લાઈન હેઠળ કામ ન કરવું હોઈ શકે છે.રાજકીય વર્તુળોમાં તે પ્રકારની ચર્ચા ચાલી રહી છે કે રાઘવ ચઢ્ઢા આમ આદમી પાર્ટીની લાઈનથી અલગ વાત કરતા હતા. એટલું જ નહીં તાજેતરમાં જ્યારે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયાને શરાબ કાંડ મામલામાં રાઉઝ એવેન્યુ કોર્ટમાંથી નિર્દોષ જાહેર કરાયા તો રાઘવ ચઢ્ઢા તરફથી આ મુદ્દે કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નહીં.

### મમતા બેનર્જીના ગઢમાં અમિત શાહે કહ્યું

# આ વખતે દીદીની વિદાય નક્કી, હું બોરિયા બિસ્તરા સાથે ૧૫ દિવસ અહીં જ છું

## અમિત શાહે કોલકાતાના ભવાનીપુર મતવિસ્તારમાં એક રોડ શો દરમિયાન મમતા બેનર્જીને નિશાને લીધા હતા

કોલકાતા, તા.૨

પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણી આ વખતે ભાજપ વિરુદ્ધ ટીએમસીની હોય તેવુ લાગી રહ્યું છે. ૨૦૨૬ની ચૂંટણી જીતવા માટે ભાજપે પશ્ચિમ બંગાળની સુકાન ભાજપના ચાણક્ય કહેવાતા અમિત શાહને સોંપી દીધી હતી. અમિત શાહે પણ અવારનવાર પશ્ચિમ બંગાળની મુલાકાત લઈને કોઈને કોઈ મુદ્દે મમતા દીદીને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો. આજે ગુરુવારને ૨ એપ્રિલના રોજ, ભાજપના ઉમેદવાર સુવેન્દ્ર અધિકારીની ઉમેદવારી પત્ર ભરતા પહેલા ભવાનીપુરામાં જાહેરસભાને અમિત શાહે સંબોધી હતી. આ જાહેરસભમાં અમિત શાહે કહ્યું કે, આ ચૂંટણીમાં મમતા દીદીની વિદાય નક્કી છે. હુ બોરિયા બિસ્તરા સાથે ૧૫ દિવસ પશ્ચિમ બંગાળમાં જ રહેવાનો છું. હવે તે સમગ્ર પશ્ચિમ બંગાળની જનતા કહી રહી છે કે, મમતા દીદીને વિદાય આપો.

અમિત શાહે પોતાની આગવી શૈલીમાં ભવાનીપુર ખાતે જાહેરસભાને સંબોધતા કહ્યુંઃ "બંગાળ રાજ્યમાં પરિવર્તન લાવવાની શક્તિ હવે તમારા હાથમાં છે. મારી પાસે તમારા માટે એક શોર્ટકટ છે. જો ભવાનીપુરના લોકો આ એક બેઠક પર ભાજપના ઉમેદવાર સુવેન્દુ અધિકારીને વિજયી બનાવે, તો બાકીના બંગાળમાં આપોઆપ પરિવર્તન થઈ જશે. અમિત શાહે વધુમાં કહ્યું કે,સુવેન્દુ-દા શરૂઆતમાં નંદીગ્રામથી વિધાનસભાની ચૂંટણી લડવા માંગતા હતા. જોકે, મેં તેમને કહ્યું હતું કે તેમણે ફક્ત નંદીગ્રામથી જ ચૂંટણી લડવી જોઈએ નહીં બલ્કે, તેમણે મમતા બેનર્જીના પોતાના ગઢ ગણાતા ગૃહક્ષેત્ર ભવાનીપુરમા જવું જોઈએ અને ત્યાં દીદીને હરાવવા જોઈએ.અમિત શાહે ટિપ્પણી કરી હતી કે, ૨૦૨૧ માં પાછલી ચૂંટણીઓમાં મમતા બેનર્જી બંગાળમાં સરકાર બનાવવામાં સફળ રહી હતી, પરંતુ તેમને નંદીગ્રામમાં સુવેન્દુ અધિકારી સામે વ્યક્તિગત હારનો સામનો કરવો પડ્યો હતો. "આ વખતે," શાહે ભારપૂર્વક જણાવ્યું હતું કે, "મમતા બેનર્જીને ફક્ત બંગાળમાં જ નહીં પરંતુ ભવાનીપુરમાં પણ હારનો સામનો કરવો પડશે.અમિત શાહે એવી પણ જાહેરાત કરી હતી કે, મમતા દીદીની વિદાય માટે તેઓ બોરિયા બિસ્તરા બાંધીને પશ્ચિમ બંગાળ આવ્યા છે. આગામી ૧૫ દિવસ સુધી એટલે કે, ચૂંટણી સમયગાળા દરમિયાન પશ્ચિમ બંગાળમાં જ રહેવાના છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, અહીં ભાજપની સરકાર બનાવવી જ જોઈએ. શાહે ભારપૂર્વક જણાવ્યું હતું કે એકવાર ભાજપ સરકાર સ્થાપિત થઈ જશે, પછી પશ્ચિમ બંગાળને અડીને આવેલી આંતરરાષ્ટ્રીય સરહદો સંપૂર્ણપણે સીલ કરી દેવામાં આવશે અને ઘુસણખોરોને બંગાળ અને દેશભરમાંથી એક પછી એક ઓળખીને હાંકી કાઢવામાં આવશે.

### પાકિસ્તાનને મોટો ઝટકો

# કાશ્મીરમાં ભારત ૧૨૦ વર્ષ જૂનો પાવર પ્રોજેક્ટ ફરી શરૂ કરશે

નવી દિલ્હી, તા.૨

જમ્મુ-કાશ્મીર સરકારે એક ઐતિહાસિક નિર્ણય લેતાં ૧૨૦ વર્ષ જૂના મોહરા પાવર પ્રોજેક્ટને ફરીથી કાર્યરત કરવાની જાહેરાત કરી છે. એપ્રિલ ૨૦૨૫માં પહેલગામ આતંકી હુમલા બાદ ભારતે પાકિસ્તાન સાથેની સિંધુ જળ સંધિ સ્થગિત કરી દીધી હતી. જેના પગલે હવે કાશ્મીરમાં પડતર રહેલા હાઈડ્રો પ્રોજેક્ટ્સ પર કામ શરૂ કરવામાં આવ્યું છે.જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાએ વિધાનસભામાં જણાવ્યું કે, ૧૯૯૦ના દાયકાથી બંધ પડેલા ૧.૫ મેગાવોટ ક્ષમતાના આ પ્લાન્ટને ફરી શરૂ કરવા માટે ટેન્ડર પ્રક્રિયા મંજૂર કરવામાં આવી છે. આ પ્રોજેક્ટનું નવીનીકરણ અને આધુનિકીકરણ જમ્મુ-કાશ્મીર સ્ટેટ પાવર ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા કરવામાં આવશે. બારામુલા જિલ્લાના ઉરી સેક્ટરમાં જેલમ નદીના કિનારે આવેલો આ પ્રોજેક્ટ ભારતનો સૌથી જૂનું હાઈડ્રો પાવર સ્ટેશન છે. જેની સ્થાપનાઃ ૧૯૦૫માં થઈ હતી. આ પ્રોજેક્ટની સૌથી મોટી ખાસિયત ૧૦ કિલોમીટર લાંબી લાકડાની નહેર છે. જે પહાડોના કિનારે બનાવવામાં આવી હતી. તે સમયે ઓછા ખર્ચે પાણીને રામપુરથી મોહરા સુધી પહોંચાડવાનો આ એક અદ્ભુત કીમિયો હતો. તે સમયે આ પ્લાન્ટ માટે ખાસ ટર્બાઈન ચેકોસ્લોવાકિયાથી મંગાવવામાં આવ્યા હતા. ૧૯૯૨માં આવેલા વિનાશક પૂરને કારણે આ પ્રોજેક્ટને ભારે નુકસાન થયું હતું અને ત્યારબાદ તેનું સંચાલન સંપૂર્ણપણે બંધ થઈ ગયું હતું.ભારત સરકાર હવે જેલમ અને અન્ય નદીઓના પાણીનો મહત્તમ ઉપયોગ કરવાની રણનીતિ પર કામ કરી રહી છે. આ પ્રોજેક્ટ ફરી શરૂ થવાથી જેલમ નદીના પાણીનો ઉપયોગ ભારત પોતાની ઊર્જા જરૂરિયાતો માટે કરશે. જે પાકિસ્તાન તરફ જતાં પાણીના પ્રવાહ પર અસર કરશે. જમ્મુ-કાશ્મીર સરકારે ૨૦૩૫ સુધીમાં વીજ ઉત્પાદન ૩૫૪૦ મેગાવોટથી વધારીને ૧૧,૦૦૦ મેગાવોટ સુધી લઈ જવાનું લક્ષ્ય રાખ્યું છે. પાકિસ્તાન હંમેશા ભારતના કિશનગંગા જેવા પ્રોજેક્ટ્સમાં અડંગા નાખતું આવ્યું છે, પરંતુ હવે ભારતે પોતાની નદીઓના ૧૦૦% પાણીનો ઉપયોગ કરવાની મક્કમતા દર્શાવી છે. નિષ્ણાતો માને છે કે ૧૦.૫ મેગાવોટની ક્ષમતા ભલે ઓછી હોય, પરંતુ આ ઐતિહાસિક પ્રોજેક્ટનું પુનરુત્થાન સાંસ્કૃતિક અને પ્રતીકાત્મક રીતે ખૂબ જ મહત્ત્વનું છે. આ પ્રોજેક્ટને અગાઉ હેરિટેજ સ્ટ્રક્ચર તરીકે જાહેર કરવાનો પણ પ્રસ્તાવ હતો.

### ગુજરાતમાં જમીન મામલે ઐતિહાસિક નિર્ણય

# હવેથી ૧૦ ગુંઠાથી ઓછો ટુકડો પાડી શકાશે નહીં

## મનપા અને નપા વિસ્તારો 'ટુકડા ધારા'માંથી સંપૂર્ણ મુક્ત

ગાંધીનગર, તા.૨

રાજ્ય સરકારે ૭૫ વર્ષ જૂના 'ટુકડા ધારા-૧૯૪૭'માં મોટા સુધારા કર્યા છે. હવે સમગ્ર રાજ્યમાં ગ્રામીણ જમીન માટે લઘુત્તમ ૧૦ ગુંઠાનો સમાન નિયમ લાગુ થશે. રાજ્ય સરકારે આઝાદી પછી પ્રથમવાર ૭૫ વર્ષ જૂના 'ટુકડા ધારા-૧૯૪૭'માં ધરખમ સુધારા કરવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. રાજ્યપાલની મંજૂરી મળ્યા બાદ હવે રાષ્ટ્રપતિની મંજૂરી મળતા જ રાજ્યમાં નવા સુધારાઓ લાગુ પડશે.પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ આ ઐતિહાસિક વટહુકમ અંગેની વિગતો આપતા જણાવ્યું હતું કે, આ સુધારાથી રાજ્યના લાખો ખેડૂતો અને જમીન ધારકોને મોટી રાહત મળશે. રાજ્ય સરકારે ઉદારતા દાખવીને નિર્ણય કર્યો છે કે, વર્ષ ૧૯૪૮થી નવા કાયદાના અમલ સુધીમાં, જે કિસ્સાઓમાં જમીનના નિયમ કરતા નાના ટુકડા પડ્યા હોય અથવા કાયદાનું ઉલ્લંઘન થયું હોય, તેવા તમામ જૂના ભંગને કોઈપણ પ્રકારનો દંડ વસૂલ્યા વગર 'રેગ્યુલાઈઝ' (વિનિયમિત) કરવામાં આવશે. પરંતુ હવે આ તમામ વ્યવહારો આપોઆપ વિનિયમિત થઈ જશે અને કાયદેસર ગણાશે.

અત્યાર સુધી જંત્રીના ૧૦ ટકા પેનલ્ટી ભર્યા પછી પણ વ્યવહાર કાયદેસર થતા ન હતા અને 'ફોક' ગણાતા હતા, પરંતુ હવે આ ક્રાંતિકારી સુધારાથી હજારો 'બોનાફાઈડ' ખરીદદારોના જમીન ટાઈટલ ક્લિયર થશે અને રેવન્યુ કોર્ટમાં ચાલતા વર્ષો જૂના કેસોનો કાયમી નિકાલ આવશે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

મંત્રી વાઘાણીએ કહ્યું હતું કે, અગાઉ રાજ્યના અલગ-અલગ વિસ્તારોમાં પિયત, બિનપિયત, બાગાયત અને જીરાયત જમીન માટે ટુકડાના માપદંડો અલગ-અલગ હોવાથી સામાન્ય ખેડૂત મૂંઝવણમાં રહેતો હતો. હવે આ જટિલતા દૂર કરી સમગ્ર ગુજરાતના ગ્રામીણ વિસ્તારો માટે લઘુત્તમ ક્ષેત્રફળ ૧૦ ગુંઠા નક્કી કરવામાં આવ્યું છે. ખેતીની ગુણવત્તા જાળવી રાખવાના ઉદ્દેશ્ય સાથે નિર્ણય લેવાયો છે કે, હવેથી ૧૦ ગુંઠાથી ઓછો ટુકડો પાડી શકાશે નહીં, જે ખેતીની વાયબિલિટી વધારશે. શહેરીકરણની ઝડપને ધ્યાને રાખીને, મહાનગરપાલિકા, નગરપાલિકા અને શહેરી વિકાસ સત્તામંડળોના વિસ્તારોને આ 'ટુકડા ધારા'માંથી સંપૂર્ણપણે મુક્તિ આપવામાં આવી છે. આ નિર્ણયથી શહેરી વિસ્તારોમાં બિનખેતી (NA)ની પ્રક્રિયા, બાંધકામ અને જમીન લે-વેચના વ્યવહારો અત્યંત ઝડપી અને પારદર્શક બનશે, જેનાથી સર્વાંગી વિકાસને વેગ મળશે, તેમ તેમણે ઉમેર્યું હતું.મંત્રીએ ઉમેર્યું હતું કે, સેટલમેન્ટ કમિશનર બીજલ શાહના અધ્યક્ષપદે રચાયેલી કમિટીના ઊંડાણપૂર્વકના અભ્યાસ બાદ આ ભલામણો સ્વીકારવામાં આવી છે. ડબલ એન્જિન સરકારના આ નિર્ણયથી જનતાના આશીર્વાદ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારને મળશે. આ નિર્ણયથી ખેડૂતોની આર્થિક ઉન્નતિ થશે અને જમીન સંબંધી વિવાદોમાં જે નાણાં અને સમયનો વ્યય થતો હતો, તેનો કાયમી અંત આવશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

### ‘ઓપરેશન સિંદૂર’ પર મોટો ખુલાસો

# દરિયાઈ માર્ગે પાકિસ્તાન પર હુમલો કરવાની હતી ભારતીય નૌસેના

## એડમિરલ ત્રિપાઠીએ જણાવ્યું હતું કે, આપણે દરિયાઈ માર્ગે પાકિસ્તાન પર હુમલો કરવાથી થોડી મિનિટો દૂર હતા

નવી દિલ્હી, તા.૨

ભારતીય નૌકાદળના વડા એડમિરલ દિનેશ કે. ત્રિપાઠીએ ગઈકાલે, બુધવારે જણાવ્યું હતું કે ‘ઓપરેશન સિંદૂર’ દરમિયાન, ભારતીય નૌકાદળ દરિયાઈ માર્ગે પાકિસ્તાન પર હુમલો કરવાની ખૂબ નજીક પહોંચી ગયું હતું – હુમલો કરવાથી થોડી મિનિટો દૂર – જ્યારે ઈસ્લામાબાદ તરફથી લશ્કરી કાર્યવાહી (કાઈનેટિક એક્શન્સ) રોકવાની વિનંતી મળી.

નૌકાદળના વડા ત્રિપાઠી મુંબઈમાં નૌકાદળના સન્માન સમારોહમાં બોલી રહ્યા હતા, જ્યાં તેમણે ગયા વર્ષે એપ્રિલમાં પહેલગામમાં આતંકવાદી હુમલા બાદ શરૂ કરાયેલા ‘ઓપરેશન સિંદૂર’ દરમિયાન બે વરિષ્ઠ નૌકાદળ અધિકારીઓને તેમની વિશિષ્ટ સેવા માટે ‘યુદ્ધ સેવા મેડલ’ એનાયત કર્યો. તેમના સંબોધન દરમિયાન, તેમણે ટિપ્પણી કરી કે ઓપરેશન સિંદૂર ભારતીય નૌકાદળની તૈયારી અને સંકલ્પ દર્શાવે છે, કારણ કે તેના એકમોએ ઝડપી તૈનાતી હાથ ધરી હતી અને સમગ્ર ઓપરેશન દરમિયાન ખૂબ જ આક્રમક વલણ જાળવી રાખ્યું હતું. આ ઓપરેશનમાં નૌકાદળની ભૂમિકા અંગે, એડમિરલ ત્રિપાઠીએ જણાવ્યું હતું કે, “હવે એ રહસ્ય નથી રહ્યું કે આપણે દરિયાઈ માર્ગે પાકિસ્તાન પર હુમલો કરવાથી માત્ર થોડી મિનિટો દૂર હતા, જોકે, તે જ સમયે, તેમના તરફથી લશ્કરી કાર્યવાહી બંધ કરવાની રિક્વેસ્ટ મળી હતી.” તેમણે વધુમાં ઉમેર્યું હતું કે ઓપરેશન સિંદૂર દરમિયાન દર્શાવવામાં આવેલી તેની ક્ષમતાઓ દ્વારા, ભારતીય નૌકાદળે રાષ્ટ્રના વિશ્વાસ અને વિશ્વાસને વધુ મજબૂત બનાવ્યો છે.પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ પર બોલતા, એડમિરલે નોંધ્યું હતું કે યુએસ, ઈઝરાયલ અને ઈરાન સાથે દુશ્મનાવટ ફાટી નીકળ્યા પછી, આ પ્રદેશમાં ૨૦ થી વધુ વેપારી જહાજો પર હુમલો કરવામાં આવ્યો છે. તેમણે ભાર મૂક્યો હતો કે આ અત્યંત તણાવપૂર્ણ વાતાવરણ વચ્ચે, આશરે ૧,૯૦૦ જહાજો ફસાયેલા છે, અને હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા દૈનિક ટ્રાફિકને પણ પ્રતિકૂળ અસર થઈ છે. યુદ્ધ શરૂ થયા પહેલા, આ મહત્વપૂર્ણ જળમાર્ગ પર દૈનિક ૧૩૦ જહાજોનો ટ્રાફિક જોવા મળતો હતો; આ આંકડો હવે ઘટીને દરરોજ માત્ર ૬ થી ૭ જહાજો થઈ ગયો છે.નૌકાદળના વડાએ વધુમાં જણાવ્યું હતું કે, “વધતા વિભાજન અને સંઘર્ષને કારણે વૈશ્વિક વ્યવસ્થામાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે, ત્યારે સમુદ્ર હવે ફક્ત ગૌણ યુદ્ધભૂમિ નથી રહ્યા જ્યાં ખંડીય સંઘર્ષો ફેલાય છે. તેના બદલે, તેઓ વધુને વધુ એવા અખાડા બની રહ્યા છે જ્યાં વ્યૂહાત્મક ઈરાદાઓ સંકેત આપે છે અને લડવામાં આવે છે – ઘણીવાર અસમપ્રમાણ પરિણામો આપે છે.”તેમણે નોંધ્યું હતું કે સતત વિકસતી ટેકનોલોજીઓ અને વ્યૂહરચનાઓએ યુદ્ધની યોજના, શરૂઆત અને ટકાઉપણાની રીતને જ ફરીથી આકાર આપ્યો નથી, પરંતુ બિન-પરંપરાગત પડકારોનો સામનો કરવાનું કાર્ય પણ વધુ જટિલ અને અણધારી બનાવ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, એક જ વર્ષમાં, નૌકાદળે ૧૨ જહાજો અને સબમરીન કાર્યરત કરી છે.

### રેલવેએ આપી મોટી રાહત

# હવે છેલ્લી ઘડીએ પણ બદલી શકાશે બોર્ડિંગ પોઈન્ટ

## આ સુવિધા ફક્ત કન્ફર્મ્ડ અને RAC ટિકિટો પર જ લાગુ પડે છે

નવી દિલ્હી, તા.૨

રેલવે મુસાફરોને રાહત આપતા એક સારા સમાચાર છે. હવે તમે તમારી ટ્રેન ઉપડવાના સમય પહેલાં જ તમારા પ્રવાસના આયોજનમાં ફેરફાર કરી શકો છો. આ સુવિધા માટે ભારતીય રેલવેએ ૧ એપ્રિલ, ૨૦૨૬થી અમલમાં આવતા બોર્ડિંગ પોઈન્ટ બદલવાના નિયમોને સરળ બનાવ્યા છે. જેનો સીધો લાભ લાખો મુસાફરોને થશે. મુસાફરો હવે ટ્રેનના નિર્ધારિત પ્રસ્થાનના માત્ર ૩૦ મિનિટ પહેલાં સુધી તેમની ટ્રેનનું બોર્ડિંગ સ્ટેશન બદલી શકે છે. પહેલાં આ સમય મર્યાદા નોંધપાત્ર રીતે લાંબી હતી. જેના કારણે ઘણીવાર મુસાફરોને અસુવિધા થતી હતી. તમે IRCTC વેબસાઈટ અથવા એપ્લિકેશન દ્વારા અથવા રેલવે રિઝર્વેશન કાઉન્ટર દ્વારા સરળતાથી આ સુવિધાનો લાભ લઈ શકો છો. નવું બોર્ડિંગ પોઈન્ટ હવે બીજા રિઝર્વેશન ચાર્ટમાં અપડેટ કરવામાં આવશે. આનો અર્થ એ છે કે ટ્રેન પ્રસ્થાન પહેલાં તરત જ ફેરફારો શક્ય બનશે. આ એવા મુસાફરો માટે ફાયદાકારક સાબિત થશે જેના પ્લાનમાં અચાનક છેલ્લી ઘડીએ ફેરફાર થાય છે.આ સુવિધા ફક્ત કન્ફર્મ્ડ અથવા RAC (રિઝર્વેશન અગેન્સ્ટ કેન્સલેશન) ટિકિટ ધરાવતા મુસાફરો માટે જ ઉપલબ્ધ છે. તે વેઈટિંગ લિસ્ટ ટિકિટ પર લાગુ પડતી નથી. એક મુખ્ય શરત એ છે કે બોર્ડિંગ પોઈન્ટ ફક્ત એક જ વાર બદલી શકાય છે. વધુમાં આ વિનંતી બીજા રિઝર્વેશન ચાર્ટ તૈયાર થાય તે પહેલાં સબમિટ કરવી જરૂરી છે.હવે, જો કોઈ મુસાફર પ્રસ્થાનના ૨૪ થી ૭૨ કલાક પહેલાં ટિકિટ કેન્સલ કરે છે, તો તેને ભાડાની રકમનો ૨૫% રકમ ગુમાવવી પડશે. જો પ્રસ્થાનના ૮ થી ૨૪ કલાક પહેલાં ટિકિટ કેન્સલ કરવામાં આવે છે, તો ભાડાના ૫૦% કાપવામાં આવશે. છેલ્લે જો ટ્રેનના નિર્ધારિત પ્રસ્થાનના ૮ કલાકની અંદર ટિકિટ કેન્સલ કરવામાં આવે છે, તો મુસાફરને કોઈ રિફંડ મળશે નહીં. બીજા શબ્દોમાં કહીએ તો, તમે કેન્સલકરવામાં જેટલો વધુ વિલંબ કરશો, તેટલું વધુ નુકસાન થશે.

બોર્ડિંગ પોઈન્ટ કેવી રીતે બદલવો

IRCTCમાં લોગ ઈન કરો, "માય બુકિંગ" પર જાઓ, તમારી ટિકિટ પસંદ કરો, "બોર્ડિંગ પોઈન્ટ ચેન્જ" પર ક્લિક કરો, નવું સ્ટેશન પસંદ કરો અને કન્ફર્મ કરો. રેલવેનો આ નવો નિયમ મુસાફરોને વધુ ફ્લેક્સિબિલિટી અને સુવિધા આપે છે. જો કે, ટિકિટ કેન્સલ કરવાના ચાર્જમાં કડકતા સાથે તમારે તમારી મુસાફરીનું પણ સમજદારીપૂર્વક આયોજન કરવું જોઈએ. જ્યારે તમારી પાસે હવે તમારી ટ્રેન પકડવા અંગે થોડી વધુ સ્વતંત્રતા છે, ત્યારે ટિકિટ રદ કરતી વખતે સાવધાની રાખવી જરૂરી છે.

### ડોનાલ્ડ ટ્રંપનું સંબોધન

# બીજા દેશ પણ થોડી હિંમત દેખાડે, જાતે જઈ સ્ટ્રેટ ઓફ હોર્મુઝની રક્ષા કરે

## આ સંબોધનમાં ડોનાલ્ડ ટ્રમ્પે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે ઈરાનને પરમાણુ શક્તિ નહીં બનવા દેવામાં આવે

વોશિંગ્ટન, તા.૨

ડોનાલ્ડ ટ્રમ્પે આજે ઈરાન યુદ્ધ મામલે સંબોધન કર્યું હતું જેમાં તેણે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ, તેલ અને યુદ્ધની આગળની નીતિ અંગે ચર્ચા કરી હતી. ડોનાલ્ડ ટ્રમ્પનું સંબોધન ૨૦ મિનિટનું હતું જેમાં તેમણે એ વાત સ્પષ્ટ કરી દીધી હતી કે ઈરાન શીપિંગ માટે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ ફરીથી નહીં ખોલે તો તેના પરમાણુ સંયંત્રો ઉપર હુમલો કરવામાં આવશે. ભારતીય સમય અનુસાર સવારે ૬:૩૦ કલાકે ડોનાલ્ડ ટ્રમ્પ એ દેશને સંબોધિત કર્યું હતું. એક મહિનાથી વધુ સમયથી ઈરાન પર અમેરિકા અને ઈઝરાઈલ સંયુક્ત હુમલા કરી રહ્યું છે. ત્યારે આજે કરેલા સંબોધનમાં ડોનાલ્ડ ટ્રમ્પે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ અંગે સ્પષ્ટ વાત કરી દીધી હતી. તેમણે કહ્યું હતું કે સ્ટ્રેટ ઓફ હોર્મુઝથી અમેરિકા કોઈ જ તેલ નથી લેતું. અમેરિકાને જરૂર પણ નથી પરંતુ જે દેશ હોર્મુઝથી તેલ ખરીદે છે તેઓ થોડી હિંમત દેખાડે અને જાતે જઈને હોર્મુઝની રક્ષા કરે.ડોનાલ્ડ ટ્રમ્પ એ દેશને સંબોધિત કરતા કહ્યું હતું કે ઈરાન એ ખોટું કામ કર્યું છે તેથી તેને સજા મળી રહી છે. ટ્રમ્પ એ એવું પણ કહ્યું કે ઈઝરાયેલ સાથે જે ઓપરેશન એપીક ફ્યુરી શરૂ કરવામાં આવ્યું તે યોગ્ય દિશામાં આગળ વધી રહ્યું છે. ટ્રમ્પ એ આવનારા દિવસો અંગે પણ ભવિષ્યવાણી કરી હતી અને કહ્યું હતું કે આગામી બે થી ત્રણ અઠવાડિયામાં ઈરાન પર તીવ્ર હુમલા કરવામાં આવશે. પોતાના સંબોધનમાં ડોનાલ્ડ ટ્રમ્પ એ એ વાત ભાર મૂકીને કહી દીધી હતી કે ઈરાન સાથે કોઈ જ ડીલ થવાની નથી અને અમેરિકા ઈરાનને કોઈપણ કિંમતે પરમાણુ શક્તિ બનવા નહીં દે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના આજના સંબોધન પરથી એ વાત સ્પષ્ટ થઈ ગઈ છે કે આગામી બે થી ત્રણ અઠવાડિયા સુધી યુદ્ધ ચાલી શકે છે. ઉલ્લેખનીય છે કે ઈરાન ઈઝરાઈલ અમેરિકા યુદ્ધની અસર ભારત પર દેખાવા લાગી છે. એલપીજી સપ્લાયથી લઈને પેટ્રોલ, ડીઝલના ભાવમાં પણ વધારો થઈ રહ્યો છે. દેશના કેટલાક મહત્વપૂર્ણ ઉદ્યોગોમાં પણ તેની અસર દેખાવા લાગી છે. મોંઘવારી ભારતમાં પણ વધી રહી છે. આજના સંબોધનમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એવું પણ કહી દીધું છે કે પડદા પાછળ વાતચીત ચાલી રહી છે તેમ છતાં આગામી બે થી ત્રણ અઠવાડિયામાં ઈરાન પર જોરદાર હુમલા થવા જઈ રહ્યા છે. જરૂર પડશે તો અમેરિકા ઈરાનના તેલ ઠેકાણા પર પણ હુમલો કરી દેશે. ડોનાલ્ડ ટ્રમ્પે એ વાતનો પણ ઉલ્લેખ કર્યો હતો કે અમેરિકા પાસે દુનિયાની સૌથી મજબૂત સેના છે અને છેલ્લા ચાર અઠવાડિયાથી તેમની સેના યુદ્ધના મેદાનમાં નિર્ણાયક અને જબરદસ્ત જીત મેળવી રહી છે.

### શાહેદ ડ્રોનની સ્માર્ટનેસ આગળ F-૧૫ ફેઈલ

# અમેરિકાનું F-15 ફાઈટર જેટ અને ઈરાનના શાહેદ ડ્રોન વચ્ચે હવાઈ યુદ્ધ

## નિષ્ણાતોનું કહેવું છે કે આ અસમપ્રમાણ યુદ્ધનું ઉદાહરણ છે, જ્યાં સસ્તી ટેકનોલોજી મોંઘી એર પાવરને ટક્કર આપી રહી છે

તેહરાન, તા.૨

મધ્ય પૂર્વ યુદ્ધ વચ્ચે ઉત્તરી ઈરાકના આકાશમાં એર વોરફેરનો એક થ્રીલર વીડિયો સામે આવ્યો છે. અહીં અમેરિકન વાયુસેનાનું અત્યાધુનિક F-15 ફાઈટર જેટ એક ઈરાની શાહેદ ડ્રોનનો પીછો કરી રહ્યું છે. યુદ્ધના તણાવ વચ્ચે આ બંને વિનાશક હથિયારોની ડોગફાઈટ યુદ્ધના થ્રિલનો અહેસાસ કરાવે છે.વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે F-15નો પાયલટ વારંવાર ટર્ન લે છે, આકાશમાં કલાબાજીઓ કરે છે અને નીચે ઉતરીને ડ્રોનને વિઝ્યુઅલી ટ્રેક કરવાનો પ્રયાસ કરે છે. પરંતુ આ યુદ્ધમાં શાહેદ ડ્રોને ગજબની સ્માર્ટનેસ બતાવી છે. શાહેદ ડ્રોન વારંવાર F-15ના પાયલટને થાપ આપે છે અને ઘણું નીચે આવી જાય છે. F-15થી બચવા માટે તે પોતાની સ્પીડ પણ ઘટાડી દે છે.

આખરે ૮૦ મિલિયન ડોલરનું અમેરિકન ફાઈટર જેટ આ શાહેદ ડ્રોનને કેમ ધ્વસ્ત કરી શકતું નથી અને F-15 વારંવાર ઓવરશૂટ કરી જાય છે. આ દ્રશ્ય કંઈક એવું જ છે જાણે કોઈ ફોર્મ્યુલા-૧ કાર એક નાનકડી માખીને પકડવાનો પ્રયાસ કરી રહી હોય. આખરે F-15ના પાયલટે સુરક્ષિત ઊંચાઈથી પણ નીચે આવવું પડ્યું, તેમ છતાં ડ્રોન બચીને નીકળ્યું હતું. જમીન પર આ વીડિયો શૂટ કરનાર વ્યક્તિના હાથ પણ ધ્રૂજી રહ્યા છે, કારણ કે તેને વિમાનની સ્પીડ સાથે પોતાનો કેમેરો મેચ કરવાનો હતો. આ પીછો પૂરો થયો ત્યાં સુધીમાં ડ્રોને પોતાનું કામ કરી દીધું હતું. ડ્રોને સફળતાપૂર્વક હુમલો કરી એરબિલ પાસે આવેલી કાસ્ટ્રોલ ઓઈલ ફેસિલિટી પર બ્લાસ્ટ કર્યો હતો. ધડાકા બાદ ત્યાં ધુમાડાના કાળા ગોટેગોટા જોવા મળ્યા હતા. F-15 હજુ પણ આકાશમાં ચક્કર લગાવી રહ્યું હતું, પણ ત્યાં સુધીમાં મોડું થઈ ગયું હતું.

આ ઘટના આધુનિક યુદ્ધનું નવું સ્વરૂપ ઉજાગર કરે છે. મોંઘા ફાઈટર જેટ્સ હાઈ-સ્પીડ ડોગફાઈટ માટે બનેલા છે, પરંતુ ૨૦ થી ૫૦ હજાર ડોલરના સસ્તા અને નીચી ઊંચાઈએ ઉડતા શાહેદ ડ્રોન તેમના માટે મોટો પડકાર બની ગયા છે. નિષ્ણાતોનું કહેવું છે કે આ અસમપ્રમાણ યુદ્ધનું ઉદાહરણ છે, જ્યાં સસ્તી ટેકનોલોજી મોંઘી એર પાવરને ટક્કર આપી રહી છે.

ઈરાનનું શાહેદ-૧૩૬ ડ્રોન ઈઝરાયલ અને અમેરિકા વિરુદ્ધ જંગમાં એક સસ્તું પણ ઘાતક હથિયાર સાબિત થયું છે. તે એક વન-વે એટેક ડ્રોન છે, જે લક્ષ્ય પર જઈને પોતે વિસ્ફોટ કરી દે છે. તે ડેલ્ટા-વિંગ ડિઝાઈન ધરાવે છે, જેમાં પાછળના ભાગે પુશર પ્રોપેલર અને MD-550 પિસ્ટન એન્જિન હોય છે. GPS અને ઈનર્શિયલ નેવિગેશનથી સજ્જ આ ડ્રોન નીચી ઊંચાઈએ ઉડીને રડારને ચકમો આપી શકે છે. ઈરાને ૨૦૨૧માં તેને સાર્વજનિક કર્યું હતું. રશિયાને આ ડ્રોન Geran-2 નામે સપ્લાય કરવામાં આવ્યા છે, જેનો યુક્રેન યુદ્ધમાં મોટા પાયે ઉપયોગ થઈ રહ્યો છે.

### તપાસમાં અનેક ડેરીઓમાં સપ્લાય થયું હોવાનું ખુલ્યું

# સુરતમાં ધુળેટી પર પકડાયેલું ૧૪૦૦ કિલો પનીર એક મહિને નકલી સાબિત

## પામોલિન તેલ, એસિડ અને દૂધ પાઉડરથી બનાવવામાં આવેલું આ પનીર સ્વાસ્થ્યને ગંભીર નુકસાન કરી શકે છે

સુરત, તા.૨

શહેરના પાંડેસરા વિસ્તારમાં ધુળેટીના તહેવાર પર પકડાયેલા અધધ ૧૪૦૦ કિલો પનીરના શંકાસ્પદ જથ્થા મામલે હાલ ચોંકાવનારો ઘટસ્ફોટ થયો હતો. આ પનીર નકલી હોવાનું શંકા વ્યક્ત કરી તંત્રએ તેને તપાસ માટે લેબમાં મોકલ્યો હતો. જોકે આ કાર્યવાહીના એક મહિના બાદ શંકાસ્પદ પનીરનો હાલ રિપોર્ટ આવ્યો છે. જેમાં ખરેખર આ પનીર નકલી હોવાનું ખુલતા ખડભડાટ મચ્યો છે. ત્યારે SOG પોલીસે આ મામલે એક આરોપીની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે, પરંતુ વારંવાર સુરતમાં નકલી ચીજવસ્તુઓ પકડાવાના કિસ્સાઓ સામે આવતા સુરતવાસીઓ રોષે ભરાયા છે. વિગતે વાત કરીએ તો, ધુળેટી પહેલા ગત ૩ માર્ચના રોજ સુરત શહેરના પાંડેસરા વિસ્તારમાં આવેલ ભીડભંજન સોસાયટીમાંથી સુરત પોલીસની SOG ટીમ અને મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ સેફ્ટી વિભાગે સંયુક્ત કાર્યવાહી કરીને દરોડા પાડ્યા હતા. આ દરમિયાન મહેશકુમાર પૂર્ણાશંકર શર્મા નામનો શખ્સ ત્યાં ગેરકાયદેસર રીતે પનીર બનાવવાનું કારખાનું ચલાવતો હોવાનું ખુલ્યું હતું અને ૧૪૦૦ કિલો પનીર સીલ કરી તેના સેમ્પલ પબ્લિક હેલ્થ લેબોરેટરી ખાતે મોકલવામાં આવ્યા હતા, જેનો રિપોર્ટ આજે આવતા તેમાં આ પનીર ખરેખર નકલી હોવાનું ખુલ્યું છે.

પોલીસે આપેલી માહિતી અનુસાર, અહીં બનાવાતું પનીર દેખાવમાં અસલી જેવું લાગતું હોવા છતાં તેમાં દૂધની જગ્યાએ પામોલિન તેલ, થોડું દૂધ અને મિલ્ક સોલિડ જેવા ઘટકોનો ઉપયોગ કરીને ‘એનાલોગ પનીર’ તૈયાર કરવામાં આવતું હતું. આ બનાવટમાં ફૂડ ગ્રેડના કેમિકલના બદલે ઈન્ડસ્ટ્રિયલ ગ્રેડ એસિટિક એસિડનો ઉપયોગ થતો હતો, જે સામાન્ય રીતે કારખાનામાં વપરાતું જોખમી કેમિકલ છે.

આ મામલે વધુ માહિતી આપતા ડીસીપી રાજદીપસિંહ નકુમે જણાવ્યું કે, જીંની તપાસમાં વધુ એક ચોંકાવનારી હકીકત બહાર આવી છે કે, જ્યાંથી આ ૧૪૦૦ કિલો નકલી પનીર પકડાયું છે તે કારખાનું સુરતમાં હોવા છતાં તેનું FSSAI લાઈસન્સ મહારાષ્ટ્રના વસઈના સરનામે નોંધાયેલું હતું. આરોપી મહેશ શર્મા આ લાઈસન્સનો ઢોંગ કરીને વર્ષોથી સુરતમાં ગેરકાયદેસર રીતે પનીરનું ઉત્પાદન કરી બજારમાં સપ્લાય કરતો હતો.તપાસમાં ખુલેલી માહિતી અનુસાર, આરોપી મહેશ શર્માએ અહીં છેલ્લા બે વર્ષથી નકલી પનીર બનાવી પાંડેસરા વિસ્તારમાં છૂટક દુકાનોમાં સપ્લાય કરતો હતો. તે દરરોજ નાની નાની દુકાનોને ૨૨૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે ૪૦૦ કિલો પનીર વેચતો હતો. પ્રાથમિક તપાસમાં તેણે પાંડેસરા વિસ્તારમાં આવેલી ધર્મરાજ ડેરી, ઓમ સાઈ ડેરી, રાધે કૃષ્ણ ડેરી, રાજયકમલ ડેરીમાં આ પામોલિન ઓઈલ, દૂધ પાઉડર અને એસિડથી તૈયાર કરેલું નકલી પનીર વેચતો હતો અને લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતો હતો.આજે આ રિપોર્ટમાં પનીર ખાવા લાયક ન હોવાનું સામે આવ્યું છે. આ પનીરમાં મિલ્ક ફેટનું પ્રમાણ ઓછું અને બીઆર રેટિંગ વધુ હોવાનું તથા વેજ ઓઈલનું પ્રમાણ વધુ હોવાનું સામે આવ્યું છે. વિશેષજ્ઞોના મતે આવા એસિડનો ખોરાકમાં ઉપયોગ કરવાથી માનવ શરીરના પાચનતંત્ર પર ગંભીર અસર પડી શકે છે. લાંબા સમય સુધી આવા પદાર્થોનું સેવન કરવાથી કિડની, પેટ અને અન્ય આંતરિક અંગોને નુકસાન થવાની શક્યતા રહે છે. એટલે કે, આ નકલી પનીર લોકોને ધીમે ધીમે ઝેર આપવા સમાન હોવાનું અધિકારીઓએ જણાવ્યું છે.

# એમએસ ધોની પ્રેક્ટિસ સેશનમાં દેખાયો, CSK ફેન્સ ખુશ થયા

## પગમાં ઈજાના કારણે મહેન્દ્રસિંહ ધોની આઈપીએલની શરુઆતની મેચમાં નહીં હોય તેવી સ્પષ્ટતા કરાઈ હતી

નવી દિલ્હી, તા.૨

IPLની શરુઆત સમયે એવી જાહેર કરવામાં આવી હતી કે એમએસ ધોની આઈપીએલ ૨૦૨૬ના શરૂઆતના બે અઠવાડિયા માટે ફિટ નથી અને રમવા માટે ઉપલબ્ધ નહીં રહે. તેમ છતાં, તાજેતરમાં સોશિયલ મીડિયા પર તે ટ્રેનિંગ સેશન વખતે ટીમની સાથે હોય તેવી એક ક્લિપ વાયરલ થઈ રહી છે, જેના કારણે ચાહકોમાં આશા જગાઈ છે કે તેઓ અપેક્ષા કરતા વહેલા મેદાનમાં પાછો ફરીશકે છે. ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) દ્વારા અગાઉ જણાવવામાં આવ્યું હતું કે ધોની હાલમાં કાફ સ્ટ્રેન માટે રિહેબિલિટેશનમાંથી પસાર થઈ રહ્યો છે. આ ઈજાને કારણે તે ટીમના શરૂઆતની મેચ ચૂકી શકે છે. બીજી તરફ, હેવાલ મુજબ, તેમની ગેરહાજરી છ મેચ સુધી લંબાઈ શકે છે, જેમાં મુંબઈ ઈન્ડિયન્સ સામેના મહત્વના મુકાબલો પણ સમાવેશ થાય છે. જોકે, તેની વાપસી વિશે હજી સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

ધોનીની ફિટનેસ વિશે ચિંતાઓ નવી નથી. ૨૦૨૩માં ગુજરાત ટાઈટન્સ સામેની યાદગાર ફાઈનલ જીત બાદ તેણે ઘૂંટણની ઈજાની સારવાર કરાવી હતી. તે સીઝનમાં તે ભારે દુખાવા સાથે રમ્યો હતો અને તેની ચાલવાની તેમજ દોડવાની ક્ષમતા મર્યાદિત થઈ ગઈ હતી. ત્યારબાદથી તેઓ મોટાભાગે નીચલા ક્રમે બેટિંગ કરતા આવતો હતો.છેલ્લી આઈપીએલ સીઝનમાં તેમણે ૧૪ મેચમાં ૧૯૬ રન બનાવ્યા હતા અને તેનો સ્ટ્રાઈક રેટ ૧૩૫થી વધુ રહ્યો હતો. ભલે તેઓ લાંબી ઈનિંગ્સ નહીં રમે, પરંતુ તેમની ટૂંકી અને અસરકારક ઈનિંગ્સ ટીમ માટે મહત્વપૂર્ણ સાબિત થઈ છે.

આ સ્થિતિને ધ્યાનમાં લેતા, CSK તેમની ફિટનેસ સાથે કોઈ જોખમ લેવાનું ટાળશે. જો રિહેબ ઝડપથી સફળ થાય તો તેઓ ચાર મેચ પછી વાપસી કરી શકે, નહીં તો પાંચ કે છ મેચ સુધી આરામ આપવામાં આવી શકે છે.

### ભારતીય સૈન્ય પર ભ્રષ્ટાચારનો આરોપ

# લેફ્ટ. કર્નલની અરજી પર દિલ્હી હાઈકોર્ટે કેન્દ્ર, CBI અને કેગ પાસે જવાબ માગ્યો

## આગામી સુનાવણી ૧૯ મે, ૨૦૨૬ ના રોજ થશે

નવી દિલ્હી, તા.૨

ભારતીય સેનામાં ખરીદી પ્રક્રિયામાં થયેલી ગંભીર નાણાકીય અનિયમિતતાઓને લઈને દિલ્હી હાઈકોર્ટે કડક વલણ અપનાવ્યું છે. લેફ્ટનન્ટ કર્નલ સુમિત શ્યોરાણ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરતા જસ્ટિસ પ્રતીક જલાનની બેન્ચે કેન્દ્ર સરકાર, CBI અને CAG ને નોટિસ ફટકારી ૪ અઠવાડિયામાં જવાબ માંગ્યો છે. આ કેસની આગામી સુનાવણી ૧૯ મે, ૨૦૨૬ ના રોજ નક્કી કરવામાં આવી છે.લેફ્ટનન્ટ કર્નલ સુમિત શ્યોરાણના જણાવ્યા મુજબ, નવી દિલ્હીમાં તેમની નિમણૂક દરમિયાન તેમણે ACG હેઠળની ખરીદી પ્રક્રિયામાં ભારે ભ્રષ્ટાચાર પકડ્યો હતો. સરકારી નાણાંથી ખરીદાયેલા સામાનને અધિકારીઓના મેસનો સામાન ગણાવીને રજૂ કરવામાં આવ્યો હતો. તપાસ અને દેખરેખથી બચવા માટે મોટા ઓર્ડરને નાના-નાના ભાગોમાં વહેંચી દેવામાં આવ્યા હતા જેથી ખરીદીની મર્યાદાનું ઉલ્લંઘન ન દેખાય. સરકારી મિલકતનો દુરુપયોગ કરવા માટે ખોટા દસ્તાવેજો તૈયાર કરવામાં આવ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. અરજીમાં લેફ્ટનન્ટ કર્નલે આક્ષેપ કર્યો છે કે, તેમણે સપ્ટેમ્બર ૨૦૨૪ થી અનેકવાર પુરાવાઓ સાથે ઉચ્ચ અધિકારીઓને ફરિયાદ કરી હતી, પરંતુ કોઈ પગલાં લેવાયા નહીં. ઉલટું, ફરિયાદ કરવા બદલ તેમને પ્રતાડિત કરવામાં આવ્યા. તેમનો પરફોર્મન્સ રિપોર્ટ (ACR) ખરાબ કરી દેવામાં આવ્યો. તેમની બદલી નાગપુર કરી દેવામાં આવી. તેમના કોમ્પ્યુટર સિસ્ટમમાં પરવાનગી વગર એક્સેસ કરીને સાયબર ઘૂસણખોરીનો પ્રયાસ કરાયો.અરજદારે જાન્યુઆરી ૨૦૨૫માં CBI ને પણ વિગતવાર ફરિયાદ આપી હતી, પરંતુ હજુ સુધી FIR નોંધાઈ નથી. હવે આ મામલે કોર્ટની દેખરેખ હેઠળ CBI તપાસ થાય તેવી માંગ કરવામાં આવી છે. કેન્દ્ર સરકાર તરફથી એડવોકેટ ઈશકરણ સિંહ ભંડારી અને વિશાલ બલિયાન જ્યારે CBI તરફથી રજની ગુપ્તાએ પક્ષ રજૂ કર્યો હતો. હવે તમામ એજન્સીઓના જવાબ બાદ કોર્ટ નક્કી કરશે કે આ મામલે તપાસ કેવી રીતે આગળ વધારવી.

### SIRમાં મતદાર યાદીમાંથી નામ કપાઈ જતાં હોબાળો

# બંગાળમાં સાત અધિકારીઓને ૮ કલાક ઘેર્યા, હાઈવે પર ચક્કાજામ

કોલકાતા, તા.૨

પશ્ચિમ બંગાળમાં ૨૩ અને ૨૯ એપ્રિલે યોજાનારી વિધાનસભા ચૂંટણી પહેલા વાતાવરણ તંગ બન્યું છે. માલદા જિલ્લાના કાલિયાચક વિસ્તારમાં મતદાર યાદીના મુદ્દે ગ્રામીણોનો રોષ ફાટી નીકળ્યો હતો. ઉશ્કેરાયેલા ટોળાએ બુધવારે સાંજે સાત ન્યાયિક અધિકારીઓને આઠ કલાક સુધી એક કચેરીમાં ઘેરી રાખી બંધક બનાવ્યા હતા.

ચૂંટણી પંચ દ્વારા ચલાવવામાં આવતા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) અભિયાન હેઠળ અધિકારીઓ મતદાર યાદીની તપાસ માટે પહોંચ્યા હતા. જ્યારે અધિકારીઓ સાંજે ૪ વાગ્યે ઑફિસથી નીકળવા લાગ્યા, ત્યારે મોટી સંખ્યામાં ગ્રામીણોએ ગેટ પાસે ધરણા પ્રદર્શન શરૂ કર્યું. ગ્રામીણોનો આરોપ છે કે વિસ્તારના ૧ લાખથી વધુ મતદારોના નામ યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા છે. દસ્તાવેજો આપવા છતાં પણ અન્યાય થયો હોવાનું લોકોનું કહેવું છે. મોડી રાત્રે પોલીસે અધિકારીઓને છોડાવ્યા ત્યારે ટોળાએ પોલીસ વાહન પર પથ્થરમારો કર્યો હતો. સદનસીબે કોઈ ઈજા થઈ નથી.

વિરોધ એટલો ઉગ્ર હતો કે પ્રદર્શનકારીઓએ NH-12ને અનેક જગ્યાએ જામ કરી દીધો હતો. રસ્તા પર વાંસ, તૂટેલા કાચ અને ફર્નિચર મૂકીને ટાયરો સળગાવવામાં આવ્યા હતા. સ્થિતિ એવી હતી કે કેટલાક લોકો રસ્તા પર જ ખાવાનું બનાવતા જોવા મળ્યા હતા. સુજાપુરથી શરૂ થયેલો આ વિરોધ જલાલપુર અને મોથાબારી સુધી ફેલાઈ ગયો હતો.સ્થાનિકોનો દાવો છે કે, સુપ્રીમ કોર્ટે રાજ્યમાં ૧૯ ટ્રિબ્યુનલ સ્થાપવા નિર્દેશ આપ્યો હતો. જેથી લોકો પોતાની અપીલ કરી શકે, પરંતુ હજુ સુધી આ ટ્રિબ્યુનલ શરૂ થયા નથી. ન્યાય ન મળતાં લોકો રસ્તા પર ઉતરી આવ્યા છે.

મુખ્ય ચૂંટણી અધિકારી મનોજ અગ્રવાલે જિલ્લા વહીવટીતંત્ર પાસે આ અંગે તાકીદનો રિપોર્ટ માંગ્યો છે. તૃણમૂલ કોંગ્રેસે આ મામલે ચૂંટણી પંચને જવાબદાર ગણાવ્યું છે, જ્યારે ભાજપે રાજ્યની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી હોવાનો આક્ષેપ કર્યો છે.

### સરકારી કર્મચારીઓ માટે મોટા સમાચાર!

# ટૂંક સમયમાં DA માં વધારાની જાહેરાત થઈ શકે, પગારમાં થશે ધરખમ વધારો

## લાંબા સમય સુધી રાહ જોયા પછી હવે એવી અપેક્ષા છે કે આ અઠવાડિયે મોંઘવારી ભથ્થામાં વધારો જાહેર થઈ શકે

નવી દિલ્હી, તા.૨

કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરો માટે સારા સમાચાર છે. લાંબા સમય સુધી રાહ જોયા પછી હવે એવી અપેક્ષા છે કે આ અઠવાડિયે મોંઘવારી ભથ્થા (DA) માં વધારો જાહેર થઈ શકે છે. જો આવું થાય તો લાખો કર્મચારીઓ અને પેન્શનરોના પગાર અને પેન્શનમાં નોંધપાત્ર વધારો જોવા મળશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સરકાર આ વખતે મોંઘવારી ભથ્થામાં આશરે ૩% વધારો કરી શકે છે. આનાથી મોંઘવારી ભથ્થું ૫૮% થી વધીને ૬૧% થશે. અગાઉ, ઓક્ટોબર ૨૦૨૫ માં, DA ૫૫% થી વધારીને ૫૮% કરવામાં આવ્યું હતું, જે ૧ જુલાઈ, ૨૦૨૫ થી અમલમાં આવશે.

DA વધારાના સીધા લાભ કર્મચારીઓના પગારમાં પ્રતિબિંબિત થશે. ઉદાહરણ તરીકે, જો કોઈ કર્મચારીનો મૂળ પગાર રૂ.૫૬,૧૦૦ છે, તો ૫૮% DA પર તેમને રૂ.૩૨,૫૩૮ મળે છે. જો કે, ૬૧% DA સાથે આ વધારો રૂ.૩૪,૨૨૧ થશે. આનો અર્થ એ થાય કે દર મહિને આશરે રૂ.૧,૬૮૩ નો વધારો. વધુમાં, જાન્યુઆરીથી માર્ચ સુધીના ત્રણ મહિનાના બાકી ચૂકવણા પણ ઉમેરવામાં આવશે. પરિણામે, એપ્રિલના પગારમાં આશરે રૂ.૬,૭૩૨ ની વધારાની ચુકવણી થઈ શકે છે. જોકે, આ રકમ દરેક કર્મચારીના મૂળ પગારના આધારે બદલાશે.

આ DA વધારાથી દેશભરના આશરે ૪૯ લાખ કેન્દ્ર સરકારી કર્મચારીઓ અને આશરે ૬૮ લાખ પેન્શનરોને ફાયદો થશે. વધતી જતી ફુગાવા વચ્ચે આ રાહત તેમના માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. મોંઘવારી ભથ્થું એ સરકારી કર્મચારીઓના પગારનો એક ભાગ છે, જે ફુગાવાની અસરને ઘટાડવા માટે આપવામાં આવે છે. તેનો હેતુ કર્મચારીઓની ખરીદ શક્તિ જાળવવાનો છે જેથી તેઓ વધતા ભાવો છતાં તેમના ખર્ચનું સંચાલન કરી શકે. સરકાર ૮મું પગાર પંચ લાગુ કરવાની પ્રક્રિયામાં પણ છે. જોકે તે ૧ જાન્યુઆરી, ૨૦૨૬ થી અમલમાં આવવાનું હતું, પરંતુ હવે તે ૨૦૨૭ ના મધ્ય સુધીમાં લાગુ થવાની અપેક્ષા છે. હાલ માટે, ડ્ઢછ માં વધારો કર્મચારીઓ માટે સૌથી મોટી રાહત સાબિત થઈ શકે છે.

દેશભરના કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરો ૮મા પગાર પંચની રાહ જોઈ રહ્યા છે. દરેકના મનમાં પ્રાથમિક પ્રશ્ન એ છે કે તેમનો પગાર અથવા પેન્શનમાં કેટલો વધારો થશે અને ક્યારે મળશે. પગાર પંચ આ બાબતે કામ કરી રહ્યું છે. કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરો તેમજ વિવિધ સંબંધિત સંગઠનો અને અન્ય હિસ્સેદારો પાસેથી ઓનલાઈન સૂચનો માંગવામાં આવ્યા હતા.

# અમરેલી, ધારી અને સાવરકુંડલા ખાતે ભાજપ દ્વારા સેન્સ પ્રક્રિયા યોજાઈ










સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓની જાહેરાત થતા જ રાષ્ટ્રીય પક્ષો દ્વારા ઉમેદવારો શોધવાની કવાયત શરૂ કરી છે ત્યારે અમરેલી જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓને લઈને ભાજપ દ્વારા સેન્સ પ્રક્રિયાનો શુભારંભ થયો છે. અમરેલી જિલ્લાની ૬ નગરપાલિકા, ૧૧ તાલુકા પંચાયત અને ૧ જીલ્લા પંચાયતની ચૂંટણીઓને લઈને ઉમેદવારોમાં ભારે થનગનાટ જોવા મળી રહ્યો છે. અમરેલી જીલ્લાની ૧ અમરેલી જીલ્લા પંચાયત, ૧૧ તાલુકા પંચાયત, ૬ નગરપાલિકાના ઉમેદવારોના સેન્સ પ્રક્રિયા અમરેલી જીલ્લા ભાજપ કાર્યાલય સાથે સાવરકુંડલા, અને ધારી ખાતે ૨ દિવસ સુધી લેવામાં આવશે. આજે ૨ એપ્રિલ અને ૩ એપ્રિલ એમ ૩ જૂથમાં પાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતોની ભાજપ દ્વારા ચૂંટણી લડવા ઈચ્છુક ઉમેદવારોની સેન્સ પ્રક્રિયા યોજાઈ છે. જેમાં અમરેલી તાલુકા પંચાયત, વડીયા–કુકાવાવ તાલુકા પંચાયત અને અમરેલી નગરપાલિકાની અમરેલી જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે સેન્સ પ્રક્રિયા સાથે જીલ્લા પંચાયતની બેઠકોની સેન્સ લેવાઈ. જયારે સાવરકુંડલા તાલુકા પંચાયત, લીલીયા તાલુકા પંચાયત અને સાવરકુંડલા નગરપાલિકા સાથે સાવરકુંડલા, લીલીયા જીલ્લા પંચાયતની સેન્સ પ્રક્રિયા સાવરકુંડલાની ગાંધી ધર્મશાળા ખાતે યોજાઈ છે. તો બગસરા નગરપાલિકા, બગસરા તાલુકા પંચાયત અને ધારી નગરપાલિકાના ઉચ્છુક ઉમેદવારોની સેન્સ પ્રક્રિયા બ્રહ્મ સમાજની વાડી ધારી ખાતે યોજાઈ કુલ ૩ જૂથમાં પ્રદેશ ભાજપના આવેલા નિરીક્ષકો દ્વારા અમરેલી જીલ્લા ભાજપે સેન્સ પ્રક્રિયાને આખરી ઓપ આપીને ૨ દિવસમાં ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા પૂર્ણ કરી પ્રદેશ ભાજપમાં મોકલવામાં આવશે. ત્યારે ચૂંટણી લડવા ઈચ્છુંક ઉમેદવારોમાં ભારે થનગનાટ સાથે પોત પોતાની ઉમેદવારી રજૂ કરી રહ્યા હોવાનું જીલ્લા ભાજપના મહામંત્રી ચેતન શિયાળે જણાવ્યું હતું.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં ઢોલરવામાં જીવતા સમાધિ

મોકલતા ફૂલહાર, આશિર્વાદ, સંત મહિમાના ગુણગાન નજરે પડતા હતા. સમાધિનો ખાડો આગલી રાતે કરવાનું નક્કી થયું હતું. જાથાને સમાજના લોકોના નિવેદન આપવાથી સમાધિનું ગતકડું સિવાય કશું જ નથી, નારાજગી વ્યકત કરી હતી. સમાધિ લેનાર શખ્સ તંદુરસ્ત હોય કશું જ બનવાનું નથી તેવું સામે આવ્યું હતું. તેથી પર્દાફાશનું નક્કી કર્યું હતું.

જાથાના ચેરમેન–એડવોકેટ જયંત પંડયાએ સમાધિનું ડિંડક ખુલ્લું કરવામાં રાજયના મુખ્યમંત્રી, અધિક મુખ્ય સચિવ, પોલીસ મહાનિર્દેશક, આઈ.જી.પી. રેન્જ ભાવનગર, એસ.પી. અમરેલી સહિતના અધિકારોઓની મદદ માગી હતી. ભવિષ્યમાં આવા બનાવોનું પુનરાવર્તન ન થાય તે માટે પોલીસ બંદોબસ્તની માંગણી કરવામાં આવી હતી. સરકારી તંત્રે જાથાના પત્રથી તુરંત હરકતમાં આવી અરજણભાઈ રૂડાભાઈ પરિવારને તાલુકા પોલીસ સ્ટેશને લાવવામાં આવ્યો, તેમાં સમાધિ લેવાના નથી તેવી લેખિત બાંહેધરી આપી દીધી. મોડી રાતે પોલીસે તેમને મુકત કર્યા હતા.

અરજણભાઈ ખુમાણ પરિવારે પરિસ્થિતિ જોઈ સમાધિ મુલત્વી–બંધ રાખવાની જાહેરાત કરી દીધી. ખાડો ખોદવાનું બંધ રાખવાનો નિર્ણય લીધો હતો. વિજ્ઞાન જાથાની ખબર પડી જતા સવાર સુધી ગામમાં રૂબરૂ ન આવે તેવી વાત મુકી હતી. પરિવાર–ગામની આબરૂને ધક્કો પહોંચશે તેવી હકિકત આપી હતી. જાથા પોતાના નિર્ણયમાં મક્કમતા બતાવી હતી.

સમાધિ પ્રકરણમાં રાજકોટથી જાથાના ચેરમેન–એડવોકેટ જયંત પંડયાના વડપણ હેઠળ રોમિત રાજદેવ, ગુલાબસિંહ ચૌહાણ, અંકલેશ ગોહિલ, રવિ પરબતાણી, રમેશ પરમાર, ભાનુબેન શેઠિયા, કુંકાવાવના સદસ્ય રાજુભાઈ યાદવ, અમરેલીથી વસંત ચાવડા, ગામના સરપંચ બાબુભાઈ વાળા પાસે પહોંચી ગયા ત્યારે સમાજના સદસ્યો અને શ્રધ્ધાળુઓ સહિત એક હજારની જનમેદની જોવા મળી હતી. જાથાના કારણે કૌતુકમાં વધારો થયો.

જાથાના જયંત પંડયાએ અરજણભાઈ રૂડાભાઈ પાસે રૂબરૂ જઈ પરિચય આપી, પરિવારના સદસ્યોને બોલાવી સમાધિ લેવી કાનુની અપરાધ છે. ઈચ્છા મૃત્યુ આજદિન સુધી એકપણનું સાચું પડયું નથી. લાગણીસભર વાતચીત કરવામાં આવી હતી. અરજણભાઈના દિકરા સુરેશભાઈ, ધર્મેશભાઈ, ભુપતભાઈએ ખોટા નિર્ણયમાં સાથ આપ્યો હતો તેવી કબુલાત આપી હતી. લોકો ભ્રમમાં આવે અંધશ્રધ્ધા વલણ સંબંધી નારાજગી વ્યકત કરી સૌ કબુલાતનામું આપવા તૈયાર થઈ ગયા હતા. જાથા સમક્ષ કબુલાતનામું આપી જાહેરમાં માફી માગી લીધી હતી. જાથાની બપોર સુધીની હાજરીમાં ઈચ્છા મૃત્યુ થયું ન હતું. બધા ભોઠપ અનુભવતા હતા.

આ પર્દાફાશમાં કુંકાવાવના જાથાના સંનિષ્ઠ કાર્યકર રાજુભાઈ યાદવ, ગામના સરપંચ બાબુભાઈ વાળા, અમરેલીના લડવૈયા વસંત ચાવડાએ કામગીરીમાં ખૂબ જ સહકાર આપ્યો હતો.

સમાધિનું તૂત સાબિત થવાથી શ્રધ્ધાળુઓ અને પરિવારના સદસ્યોએ જમ્યા વગર પોતાના ઘરે ચાલતી પકડી હતી. હાજર સૌએ નારાજગી વ્યકત કરી હતી. ખુમાણ પરિવારને ઠપકો આપી અમોને આ માટે બોલાવ્યા હતા તેવો સૂર વ્યકત કર્યો હતો. સમાજે રોષ વ્યકત કરી જાથાને ટેકો જાહેર કર્યો હતો. જાથાનો ૧૨૮૨ મો સફળ પર્દાફાશ થયો હતો.

ઢોલરવા ગામમાં જાથાના ચેરમેન જયંત પંડયાએ હાજર સૌ કોઈની સાથે ચર્ચા કરી લોકોના દિલ જીતી લીધા હતા. સમાજ સંગઠીત થઈ કુરિવાજ, અંધશ્રદ્ધાને જાકારો આપવા એકમત થઈ ઝુંબેશમાં જોડાવવા અપીલ કરી હતી. પરિવાર–સમાજ સુખી સંપન્ન હશે તો જ રાષ્ટ્ર મજબુત થશે તેવી હકિકત આપી હતી. વિજ્ઞાન જાથા કોઈપણ જાતના જ્ઞાતિવાદ, નાતજાત, કોમવાદના ભેદભાવમાં માનતું નથી તેથી છેલ્લા ૩૫ વર્ષથી અવિરત કામગીરી કરે છે તેના સૌ કોઈ સાક્ષી છે. સમાધિનું તૂત કાયમ માટે બંધ થાય તે માટે વિજ્ઞાન જાથા કટિબદ્ધ છે.

રાજયમાં દોરા–ધાગા, મંત્ર–તંત્ર, ચમત્કાર કે ઈચ્છા મૃત્યુના નામે ભ્રમમાં નાખતા ધતિંગબાજોની માહિતી મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર મોકલવી.

## પાના ૧ ઉપરનું ચાલું સાવરકુંડલામાં નાવલી નદીનાં કાંઠે


મર્યાદાશીલ અને પરંપરાગત મૂલ્યો ધરાવતું શહેર છે. સતત ચહલપહલ વાળા વ્યાપારી વિસ્તારમાં રિવરફ્રન્ટનો મૂળ હેતુ સિદ્ધ થશે કે કેમ તે એક મોટો સવાલ છે. જાણકારોનું સૂચન છે કે તંત્રએ ફરીથી ફિઝિબિલિટી રિપોર્ટ કરાવી, રિવરફ્રન્ટના વિસ્તારને શહેરના 'ઉપલે કાંઠે' વિસ્તરિત કરવા અંગે વિચારણા કરવી જોઈએ, જેથી મુખ્ય વ્યાપારી કેન્દ્રને નુકસાન ન પહોંચે.

ઉલ્લેખનીય છે કે, રાજવી કાળમાં નેક નામદાર મહારાજા સ્વ. કૃષ્ણકુમારસિંહજીએ પ્રજાના 'રોટલા અને ઓટલા'ની રક્ષા માટે આ પાલા ધારકોને મંજૂરી આપી હતી. અમુક ધારક પાસે મહારાજા દ્વારા અપાયેલ 'તાંબા પત્ર' જેવા દસ્તાવેજો પણ હોવાનું મનાય છે. ભૂતકાળમાં સ્વ. નવીનચંદ્ર રવાણી જેવા નેતાઓએ જેમના હિતોનું રક્ષણ કર્યુ હતું, આજે તે વેપારીઓ 'ઈધર ખાઈ ઉધર કુવા' જેવી સ્થિતિમાં મુકાયા છે.આ સંદર્ભે ગત રવિવારે સાવરકુંડલામાં યોજાયેલી મહત્વપૂર્ણ બેઠકમાં પાલા ધારકોએ જ્ઞાતિ અને સમાજના અગ્રણીઓ સમક્ષ પોતાની વ્યથા ઠાલવી હતી. સર્વાનુમતે તંત્રને જાહેર અપીલ કરવામાં આવી હતી કે શહેરની શોભા વધે તેની સામે વાંધો નથી, પરંતુ તે કોઈના મોઢાનો કોળિયો છીનવીને ન થવું જોઈએ. વધુમાં જણાવવાનું કે આ પાલા ધારકો છેલ્લા ત્રણ કે ચાર પેઢીથી અહીં વ્યવસાય કરીને પેટિયું રળે છે. ટાઢ, આકરો તડકો, ચોમાસા દરમિયાન નદીના પાણીના ભય સાથે પોતાના પરિવારને હસતો ખેલતો રાખવા અહીં સંઘર્ષ કરે છે. આ પાલા ધારકો કોઈ કરોડપતિ ધનવાનો નથી ત્યારે સાવરકુંડલાને સજીવન રાખનારા એક આમ ઈન્સાન છે. વળી આ રોજગાર છીનવાતાં અનેક પરિવારો માટે ભરણપોષણની સમસ્યા પણ ઉપસ્થિત થશે. અને પછી ના છૂટકે સાવરકુંડલા શહેર છોડી રોજીરોટીની તલાશમાં અન્ય શહેરમાં હિજરત કરવા મજબૂર થશે. પરિણામે સાવરકુંડલાની એક નદી બઝાર કે જેની ઓળખ જ પાલા બઝાર તરીકે છે એની રોનક સંપૂર્ણ ઝાંખી પડશે. આ માનવીય પાસું પણ વિચારણા માંગી લે તેવું લાગે છે. જો કે આ હિજરત અને એ પણ રોજગારીની તલાશમાં આ પરિસ્થિતિનું દર્દ તો જેના પર વિતી હોય તે જ સમજી શકે. આ સમજવા માટે પણ સંવેદનશીલ હૈયું તો જોઈએ'ને ? સાવરકુંડલા આસપાસના ૮૦ જેટલા ગામડાઓનું વ્યાપારી હાર્દ છે અને આ પાલા સામાજિક એકતાનું પ્રતીક છે. તંત્રએ લીઝ અને જમીન સંબંધિત ગૂંચવણોનો માનવીય અભિગમ સાથે સકારાત્મક ઉકેલ લાવવો જોઈએ તેવું સરકાર વિચારે તે અતિ સંવેદનશીલ હિતની બાબત ગણાશે.

## અવસાન નોંધ

**અમરેલી :** અમરેલીનાં નિવૃત્ત હેડ પોસ્ટ માસ્ટર ગુણવંતભાઈ ઠાકર (ઉ.વ. ૮૦) તેઓ જીતેન્દ્રભાઈ ઠાકર અને કેવલભાઈ ઠાકરનાં પિતાજીનું તા. ૨/૪/૨૬ને ગુરૂવારે અવસાન થયેલ છે.

સદગતનું બેસણું તા. ૪/૪ને શનિવારે સાંજે ૪ થી ૭ ભારતીબા વાડી, લીલીયા રોડ,



અમરેલી ખાતે રાખેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું જનતાનાં ખિસ્સા વધારે ખાલી થશે

વધારી દેવાયો, જે હવે અનેક જગ્યાએ ૨૦૦૦ પાર ગયો છે. ચા–થેલાથી લઈને મિડ–ડે મીલ, આંગણવાડી સહિત જાહેર અન્નક્ષેત્રો જેવી સેવાઓ પર તેનો સીધો પ્રભાવ પડવાનું શરૂ થઈ ગયું છે. તે સાથે જ હાઈવે ટોલ ટેકસમાં પણ વધારો થયો છે, ટોલ ટેકસમાં વધારાથી પરિવહનનો ખર્ચ વધશે. જેના લીધે જીવન જરૂરિયાતની ચીજ વસ્તુ, ખાદ્ય પદાર્થમાં વધારાથશે. અંદાજ મુજબ ૨૦૨૬–૨૭માં દેશભરમાં ટોલ વસુલાત ૮૦,૦૦૦ કરોડ સુધી પહોંચી શકે છે.

ઈંધણના ભાવ ખાનગી કંપનીઓ આગળ જેમાં ૨૬ માર્ચે Nayara Energyએ પેટ્રોલ ૫.૩૦/લીટર અને ડીઝલ ૩/લીટર વધાર્યા, ૩૧ માર્ચે Shellએ ભાવ વધારીને પેટ્રોલ ૧૧૨/લીટર અને ડીઝલ ૯૮/લીટર કર્યા. પાંચ રાજયોની ચૂંટણી બાદ કેન્દ્રની મોદી સરકારની સુચનાથી સરકારી તેલ કંપનીઓ પણ ભાવ વધારો ઝીંકશે. મોદી સરકારે છેલ્લા દસ વર્ષમાં ઉદ્યોગપતિ મિત્રોનાં ૨૬ લાખ કરોડ જેટલી માતબર રકમ માફ કરી દીધી છે. બીજીબાજુ દેશનો સામાન્ય–મધ્યમવર્ગના ખિસ્સામાંથી પેટ્રોલ ડીઝલમાં સતત એકસાઈઝ ડયુટીમાં જંગી વધારો ઝીંકીને મોદી સરકારે છેલ્લા ૧૧ વર્ષમાં ૩૫ લાખ કરોડ જેટલી માતબર રકમ દેશની ૧૪૦ કરોડ જનતાના ખિસ્સામાંથી લુંટ કરી છે. રાષ્ટ્રીય બેંકો દ્વારા ઓછા બેલેન્સ અને સેવાના નામે છેલ્લા પાંચ વર્ષમાં ૨૮૪૯૫ કરોડ જેટલી જંગી રકમ બેંક ખાતા ધારકો/જનતા પાસેથી વસુલાત કરવામાં આવી છે. ભારતીય રેલ્વે દ્વારા પણ જુદી જુદી સુવિધાઓના નામે છેલ્લા પાંચ વર્ષમાં ૧૫૦૦૦ કરોડ જેટલી જંગી રકમ જનતા પાસેથી વસુલ કરવામાં આવી છે.

ભારતીય રૂપિયા આ વર્ષે ૯૫ને પાર કરી ગયો છે. ગમે ત્યારે ૧૦૦ એટલે કે સદી ફટકારશે. જેનાથી મોંઘવારી વધુ વધશે. ખાવા–પીવાની વસ્તુઓ મોંઘી બનશે, સોથી મોટી અસર મધ્યાહન ભોજન, આંગણવાડી સહિત જાહેર અન્નક્ષેત્રો, વિદ્યાર્થીઓની હોસ્ટેલ, મેસ–કેન્ટીન સેવાઓ પર સીધી અસર શરૂ થઈ ગઈ છે. દેશનો સામાન્ય– મધ્યમ વર્ગના લોનના હપ્તા, ટેક્ષ અને મોંઘવારીનાં બોજ નીચે ડાબી રહ્યા છે.

એર ટર્બાઈન ફયુલના ભાવમાં વધારો થવાથી હવાઈ મુસાફરી મોંઘી બનશે. ૯૦૦થી વધુ જરૂરી તાવ, લીવર, કીડની, બ્લડ પ્રેસર, સુગર, એલર્જી, એનીમિયા સહિતના રોગો માટેની દવાઓના ભાવમાં પણ વધારો, સ્પષ્ટ પણે દેશના નાગરિકો અને ખાસ કરીને વયોવૃધ્ધ નાગરિકો સીધા ભોગ બનશે. કોરોનરી સ્ટેન્ડ જેવા ઉપકરણો પણ મોંઘા થશે.

સ્પીડ પોસ્ટ ચાર્જમાં ૩૪% વધારો ઝીંકવામાં આવ્યો છે. કોમર્શીયલ ગેસ ભાવવધારાના લીધે પ્લાસ્ટિક, સ્ટીલ, સિરામિક મોંઘા થશે, ખેડૂતો માટે પીવીસી પાઈપ મોંઘા થશે, બિટુમેન ૫૦ ટકા સુધી મોંઘું જે સીધી અસર બાંધકામ પર થશે. ખાતરમાં પણ ભાવ વધારો થઈ રહ્યો છે. ખાતરની અછત શરૂ થઈ ગઈ છે. સ્કુલ– કોલેજના પાઠયપુસ્તકોમાં પણ વધારો થવા જઈ રહ્યો છે. માર્બલ, બ્રાસ પાર્ટસ, સિરામિક સહિત ઘણા ઉદ્યોગોમાં મંદી, બંધ અને બેરોજગારીની સ્થિતિ જોવા મળી રહી છે. મજૂરો ફરી ગામડે પાછા જવા મજબૂર થઈ રહ્યા છે.

ભાજપ સરકારની આ નીતિથી સામાન્ય જનતાને ભારે પડે છે. શું આ છે અચ્છે દીન ? વધતી મોંઘવારી અને ખર્ચ વચ્ચે સૌથી મોટો સવાલ શું આ આર્થિક પરિસ્થિતિનો જરૂરી ભાગ છે કે પછી સામાન્ય લોકો પર વધતો બોજ?

પાના ૧ ઉપરનું ચાલું

## ''રાજકીય રોજગારી''ની હોડ

એક મહત્વની વિગત એ પણ સામે આવી છે કે જયારે સેન્સ પ્રક્રિયા ચાલી રહી હતી ત્યારે અન્ય સમાંતર કાર્યક્રમોમાં કાર્યકરોની હાજરી નોંધપાત્ર રીતે ઓછી જોવા મળી હતી. મોટાભાગના કાર્યકરો અને સમર્થકો નિરીક્ષકો સમક્ષ શકિત પ્રદર્શન કરવામાં વ્યસ્ત રહેતા સંગઠનના અન્ય કામો પર તેની સીધી અસર જોવા મળી હતી. નિરીક્ષકો ધ્વારા તમામ દાવેદારોને સાંભળવામાં આવ્યા છે અને હવે અહેવાલ મોવડી મંડળને સોંપવામાં આવશે. પરંતુ એક જ જ્ઞાતિ અને વિસ્તારમાંથી અનેક મુરતિયાઓ મેદાનમાં હોવાથી કોઈ એકની પસંદગી કરવી અને બાકીના નારાજ દાવેવારોને સાચવવા એ પક્ષ માટે મોટો પડકાર સાબિત થશે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લા પંચાયત માટે ૩૪ બેઠકો, જિલ્લાની ૬ પાલિકા માટે ૧૮૪ અને ૧૧ તાલુકા પંચાયતની ૧૯૦ બેઠક એટલે કે કુલ ૪૦૮ બેઠકોની ચૂંટણી હોય, ૧ હજાર કરતાં વધારે દાવેદારોએ ફોર્મ રજૂ કર્યા છે.

# અમરેલી : ગજેરા કેમ્પસ–વિદ્યાસભા સ્કૂલ દ્વારા હનુમાન જયંતી નિમિત્તે પદયાત્રીઓ માટે સેવાકીય કાર્યનું ભાવનાત્મક આયોજન






અમરેલી તારીખ ૨/૪/૨૦૨૬ના રોજ દર વર્ષની જેમ હનુમાન જયંતીની પૂર્વ સંધ્યાએ માનવસેવાનાં ઉત્તમ સંદેશ સાથે અમરેલીની અગ્રણી શૈક્ષણિક સંસ્થા શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ–વિદ્યાસભા ખાતે પદયાત્રીઓ માટે સેવાકીય કાર્યનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવાકીય પ્રવૃત્તિમાં સ્કૂલ અને હોસ્ટેલનાં સ્ટાફ તથા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પદયાત્રીઓ માટે ફ્રુટ અને નેચરલ વરીયાળી–લીંબુ શરબત જેવી જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવી માનવસેવાનું જીવંત ઉદાહરણ પૂરૂ પાડયું હતું. સમગ્ર આયોજન દરમિયાન સેવા ભાવના, સંસ્કાર અને સામાજિક જવાબદારીનું અનોખું પ્રતિબિંબ જોવા મળ્યું હતું. વિદ્યાર્થીઓમાં બાળપણથી જ સેવા, સહાનુભૂતિ અને પરોપકારનાં સંસ્કારો વિકસે તે હેતુસર સંસ્થા દ્વારા આવા સામાજિક અને ધાર્મિક પ્રસંગોએ સેવાકીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. મંત્રી કૌશિકભાઈ વેકરિયાએ સ્ટોલની મુલાકાત લઈ વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી. સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરાનાં માર્ગદર્શન મુજબ સંસ્થાનાં તમામ વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તે માટે વિદ્યાર્થીઓ શ્રેષ્ઠ જીવન ઘડતર થાય તેના ભાગરૂપે આ પ્રકારની પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને તેમને સંવેદનશીલ તથા જવાબદાર નાગરિક બનવા પ્રેરિત કરે છે. આ આયોજનને સફળ બનાવવા સ્કૂલ અને હોસ્ટેલનાં તમામ સ્ટાફ સભ્યો દ્વારા ખાસ જહેમત ઉઠાવવામાં આવી હતી. હોસ્ટેલ વિદ્યાર્થીઓએ પણ શ્રદ્ધાભાવે સેવા આપી સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ માનવસેવાના કાર્ય બદલ સંસ્થાનાં મેનેજમેન્ટ વતી તમામ સ્ટાફ સભ્યો અને વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન તથા શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. આ રીતે ગજેરા કેમ્પસ–વિદ્યાસભા દ્વારા આયોજિત આ સેવાકીય કાર્ય સમાજમાં સેવા, સંસ્કાર અને માનવતાના મૂલ્યોને પ્રગટ કરતું પ્રેરણાદાયી ઉદાહરણ બની રહ્યું છે. આ તકે સંસ્થાના મંત્રી ચતુરભાઈ ખૂંટ અને કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી તેમજ વિભાગીય હેડ અને સ્ટાફઓ હાજર રહ્યા હતા.

### લોકસભામાં કેન્દ્રીય ઉર્જા મંત્રીએ કરી જાહેરાત

# સ્માર્ટ પ્રીપેડ વીજળી મીટર ફરજીયાત નહીં, કેન્દ્રિય ઉર્જા મંત્રીની સ્પષ્ટતા

## કેન્દ્રીય ઉર્જા મંત્રી મનોહર લાલ ખટ્ટરે કહ્યું કે પ્રીપેડ સ્માર્ટ ઈલેક્ટ્રિક મીટર બધા ઉપભોક્તાઓ માટે ફરજીયાત નથી


નવી દિલ્હી, તા.૨

લાંબા સમયથી દેશના ઘણા રાજ્યોમાં સ્માર્ટ પ્રી-પેડ વીજળી મીટરને લઈને હંગામો થઈ રહ્યો છે. લોકોનું કહેવું છે કે સ્માર્ટ મીટર સરકાર થોપી રહી છે. ઘણા લોકોએ દાવો કર્યો કે સ્માર્ટ મીટર લગાવ્યા બાદ તેનું બિલ વધુ આવી રહ્યું છે. હવે સરકારે સ્માર્ટ વીજળી મીટરના યુઝર્સને મોટી રાહત આપી છે. દેશભરમાં સ્માર્ટ વીજળી મીટરને લઈને ચાલી રહેલી ચર્ચાઓ વચ્ચે કેન્દ્ર સરકારે મોટું સ્પષ્ટીકરણ આપ્યું છે. કેન્દ્રીય ઉર્જા મંત્રી મનોહર લાલ ખટ્ટરે લોકસભામાં કહ્યુ કે પ્રીપેડ સ્માર્ટ ઈલેક્ટ્રિક મીટર બધા ગ્રાહકો માટે ફરજીયાત નથી.

લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક સવાલોનો જવાબ આપતા તેમણે આ જાણકારી આપી, જેમાં સામાન્ય ઉપભોક્તાઓને મોટી રાહત મળી છે. તાજેતરમાં તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી હતી કે સરકાર બધા ઘરોમાં પ્રીપેડ સ્માર્ટ મીટર લગાવવું ફરજીયાત કરી શકે છે.કેન્દ્રીય ઉર્જા મંત્રી મનોહર લાલ ખટ્ટરે સ્પષ્ટ કરી દીધું કે ગ્રાહકોને પ્રીપેડ સ્માર્ટ મીટર અપનાવવા માટે મજબૂર કરવામાં આવશે નહીં. આ સંપૂર્ણ રીતે વૈકલ્પિક છે અને ગ્રાહકો પોતાની સુવિધા અનુસાર પસંદગી કરી શકે છે. તેમણે તે પણ જણાવ્યું કે સ્માર્ટ મીટર અપનાવવાથી ગ્રાહકો, રાજ્યો અને વીજળી વિતરણ કંપનીઓ બધાને ફાયદો થઈ શકે છે. સરકાર અનુસાર પ્રીપેડ સ્માર્ટ મીટર વીજળી ઉપભોગને વધુ પારદર્શી અને નિયંત્રિત બનાવે છે. તેનાથી ગ્રાહકો પહેલાથી રિચાર્જ કરી વીજળીનો ઉપયોગ કરી શકે છે, જેનાથી બિનજરૂરી ખર્ચ પર નિયંત્રણ રહે છે. આ સિવાય બિલિંગમાં ગડબડીની સંભાવના ઓછી રહે છે અને રિયલ ટાઈમમાં વીજળી વપરાશની જાણકારી મળે છે. વીજળી કંપનીઓ માટે પણ આ સિસ્ટમ ફાયદાકારક છે, કારણ કે તેનાથી બાકી બિલની સમસ્યા ઓછી થાય છે અને રેવેન્યુમાં સુધાર થાય છે. સ્માર્ટ મીટરને લઈને ગુજરાતના અનેક શહેરોમાં વિરોધ થઈ ચૂક્યો છે. લોકોએ સ્માર્ટ મીટર બાદ લાઈટ બિલ વધુ આવવાના આરોપ લગાવ્યા હતા. આ સિવાય વીજ કંપનીઓ સામે લોકોએ વિરોધ પ્રદર્શન પણ કર્યા હતા. વડોદરા જેવા શહેરોમાં પણ સ્માર્ટ મીટરના મુદ્દે બબાલ જોવા મળી હતી. તેવામાં કેન્દ્ર સરકારનો આ નિર્ણય લોકોને રાહત અપાવી શકે છે.

આ જાહેરાત બાદ હવે તે સ્પષ્ટ થઈ ગયું છે કે ગ્રાહકોની પાસે વિકલ્પ રહેશે. ગ્રાહકો ઈચ્છે તો પરંપરાગત મીટરનો ઉપયોગ યથાવત રાખી શકે છે કે પછી સ્માર્ટ મીટર અપનાવી શકે છે. આ નિર્ણય ગ્રાહકોની જરૂરિયાત, બજેટ અને સુવિધા પર નિર્ભર કરશે.

# જેના ઘેર તુલસીને ગાય, તેને ઘેર વૈદ્ય ન જાય





અમરેલી, તા. ૨

કામધેનું એટલે ઈચ્છા પૂરી કરનારી ગાયમાતા. કામ એટલે ઈચ્છા અને ધેનુ એટલે ગાય. કામધેનુ એ સમુદ્રમંથન વખતે નીકળેલાં ચૌદ રત્નમાંનું એક રત્ન છે, જેનામાં કલ્પવૃક્ષની જેમ યાચકની સર્વ ઈચ્છા પૂરી કરવાની શકિત હતી. જેમ દેવોમાં વિષ્ણુ, નદીઓમાં ગંગા શ્રેષ્ઠ છે તેમ ગાયમાં કામધેનું શ્રેષ્ઠ છે. કામધેનું ગાયની પુત્રી નંદિની પણ તેની માફક વરદાયિની છે. પુરાણો અનુસાર કામધેનુ એ દિવ્ય ગાય છે, જેનું દૂધ અમૃત સમાન મનાય છે. તેના વિષે એમ કહેવાય છે કે આ ગાય બ્રહ્મચારી હોવા છતાં તે દૂધ આપે છે અને જયારે ઈચ્છા થાય ત્યારે તેને દોહી શકાય તેવી વિશિષ્ટતા છે.

કામધેનુ સાથે ઘણી પૌરાણિક કથાઓ જોડાયેલી છે. પરશુરામના પિતા જમદગ્નિના આશ્રમમાં કામધેનુ હતી, જેના પ્રતાપે તેમની પાસે પ્રતાપી શકિત હતી. આ કામધેનુનું અપહરણ કરનાર હજાર હોય ગાળા સહસ્ત્રાર્જુનનો પરશુરામે સંહાર કરી કામધેનુને આઝાદ કરી હતી. મહર્ષિ વશિષ્ઠના આશ્રમમાં ‘શબલા’ નામની કામધેનું હતી. વિમિત્રએ કામધેનુની શકિત જોઈને તેની માગણી કરી. શિષ્ટ ના પાડતાં યુદ્ધ થયું, જેમાં વિમિત્ર હાર્યા. રઘુવંશની પ્રગતિના મૂળમાં રહેલ દિલીપરાજા પાસે ‘નંદિની’ નામની કામધેનુ હતી.ગાયમાં હું કામધેનુ છું એવું શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણે કહ્યું છે. “શ્રી કૃષ્ણલીલા”માં ગૌચરણનું મહત્ત્વ બતાવ્યું છે. શ્રીકૃષ્ણ ભગવાને જાતે ગૌ-પૂજા કરી ટચલી આંગળી પર ગોવર્ધન પર્વત ધારણ કર્યો હતો ત્યારે કામધેનુએ પોતાના દૂધથી ભગવાનનો અભિષેક કર્યો હતો.

ચાર પ્રકારની ગાય છે – કામધેનુ, કપિલા, સુરભિ અને કવલી. ગીરગાય, બ્રાઝીલની કામધેનુ સિદ્ધ થઈ છે. વિદેશી જર્સી ગાય કરતાં ભારતીય ગાય વધુ સાવિક હોય છે. આજના યુગમાં કામધેનુ ના હોય, પરંતુ ગાય માત્રને કામધેનુ ગણવી જોઈએ. સોલા ભાગવત વિદ્યાપીઠની ગૌ શાળામાં રોજ સાંજે ગાયની આરતી થાય છે. દિવાળીઅને મકરસંક્રાંતિમાં ગાયને ઘાસ ખવડાવવાનું, તેનું પૂજન કરવાનું એ ગૌ સેવાનું મહાત્મ્ય છે. વ્યકિતગત અને સામૂહિક રીતે ધાર્મિક, સામાજિક સંસ્થાઓ દ્વારા ગાયનું સંવર્ધન થાય તે ખૂબ જરૂરી છે.વૈદિક ભારતીય સંસ્કૃતિની પરંપરા પ્રમાણે ગાયનું મુખ્ય સ્થાન લોકોનું આંગણું છે અને ત્યાં જ ગાય કામધેનું છે. જેને ઘેર તુલસીને ગાય તેને ઘેર વૈદ્ય ન જાય. તેના દૂધ દ્વારા પોષક તત્ત્વો મળે છે. તે આરોગ્યનું રક્ષણ કરે છે અને ખેતી માટે બળદ પણ આપે છે. ચરકસંહિતા, સુશ્રુતસંહિતા તેમજ અન્ય ગ્રંથ જેમકે વાગ્ભટ્ટ સંહિતા મુજબ ઔષધિઓ બનાવવા માટે પંચગવ્યને મહત્ત્વ આપ્યું છે, તેના છાણમાં લક્ષ્મીજીનો વાસ હોય છે. જયારે ગોમૂત્રમાં ભગીરી ગંગા વહે છે. ગાયનાં છાણાને બાળવાથી વાતાવરણ શુદ્ધ થાય છે માટે અગ્નિ હોત્રમાં ગાયના છાણાનો ઉપયોગ થાય છે.

મહાભારતમાં કહ્યું છે કે કોઈપણ વ્યકિત કોઈપણ વિષયનું વાંચન ગાયની પાસે બેસીને કરે તેને તે વિષય આત્મસાત્ થઈ જાય છે, કારણ કે ગાય હંમેશા ભાવ તરંગો છોડતી રહે છે એને લીધે આપણું મન સ્થિર, સંયમમાં રહે છે. ગાય સામે મળે તે શુકન કહેવાય. ગાયની આંખમાંથી નીકળતાં આંસુ અપશુકન કહેવાય. મૃતક પાછળ ગાયનું દાન સર્વશ્રેષ્ઠ ગણાય છે જે મૃતકને વૈતરણી નદી પાર કરવામાં સહાયક બને છે તેવું માનવામાં આવે છે. ગાયના પૂંછડાની પૂજા કરવામાં આવે છે. મૃત્યુ બાદ શબને ગાયના છાણનું લીંપણ કરી, તેની ઉપર સૂવડાવવામાં આવે છે જેથી વ્યકિત અનેક પ્રકારના પાપમાંથી મુકિત મેળવી દેવલોકને પ્રાપ્ત કરે છે.

કામધેનુ એટલે મનોકામના પૂરી કરનારી એક કલ્પિત ગાય, યથાર્થ ગીતામાં કહ્યું છે કે, કામધેનું કોઈ એવી ગાય નથી જે દૂધની જગ્યાએ મનપસંદ વાનગી પીરસતી હોય. વસ્તુતઃ ‘ગો’ ઈન્દ્રિયોને કહેવામાં આવે છે. ઈન્દ્રિયો પરનું નિયંત્રણ ઈષ્ટને વશમાં રાખનારમાં હોય છે. જેની ઈન્દ્રિયો ઈરમાં સ્થિર થઈ જાય છે તેને કશાની જરૂર રહેતી નથી. તે જ સાચા અર્થમાં કામધેનુ છે. પ્રાર્થના કામધેનુ છે. જેનાથી નિર્ભયતા અને આત્મશુદ્ધિ થાય છે. ભકિત, વિદ્યા અને કર્મ કામધેનુ સમાન છે, એને દોતા આવડે તો આનંદરૂપી દૂધ મળે છે. ગીતાને કામધેનુ કહે છે. ગીતાનું દોહ્ન કરનારને તમામ સમસ્યાનું સમાધાન થઈને ઈર પ્રાપ્તિ થાય છે.

આપણી ગાય માતાએ આપણી પરંપરા છે. એંઠવાડો ઉલેચતી અને કચરો કે પ્લાસ્ટિક ખાતી, રઝળતી અને કત્તલખાને કપાતી ગાયનું રક્ષણ કરવું એ દરેક ભારતીય નાગરિકની ફરજ છે. ગૌ સેવાના દિવડા પ્રગટી, અજવાળાં રેલાય તે જ જરૂરી છે.કામધેનુ સ્વરૂપ ગેમાતાને આપણાં વંદન.

**– મિતલ ખેતાણી**

**(મો. ૭૦૬૯૨ ૨૧૯૯૯)**

### “જય વેલનાથ” નાં નાદ સાથે શોભાયાત્રા યોજાઈ

# લીલીયા મોટા ખાતે સંત શ્રી વેલનાથ બાપુની તિથિની ઉજવણી કરાઈ

## પી.આઈ દ્વારા સાયબર ફ્રોડ અંગે જાગૃતતા ફેલાવવા માર્ગદર્શન અપાયું





લીલીયા, તા. ૨

લીલીયા મોટા ખાતે સંત શ્રી વેલનાથ બાપુની તિથિ ભક્તિમય માહોલમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શહેરના જૂના કોળીવાડા વિસ્તારથી શોભાયાત્રા પ્રસ્થાન થયેલ જે સમગ્ર શહેરમાં ભવ્ય શોભાયાત્રા ડી.જે ના તાલે કાઢવામાં આવી હતી. જે શોભાયાત્રા શહેરનાં મુખ્ય માર્ગો પર ફરી હતી. જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા અને જય વેલનાથના નાદ સાથે સમગ્ર શહેર ગુંજી ઉઠયું હતું. જે શોભાયાત્રા વેલનાથ બાપુની વાડી ખાતે સમાપન કરવામાં આવેલ. ત્યારબાદ સમાજનાં શ્રેષ્ઠીઓના હસ્તે દીપ પ્રાગટય કરી કાર્યક્રમનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત આમંત્રિત મહેમાનોનું પુષ્પહાર અને સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે ધર્મસભાનું આયોજન કરવામાં આવેલ જે ધર્મસભામાં સામાજિક ઉત્થાન પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. સમાજમાં શિક્ષણનો વ્યાપ વધારવા માટે આ તકે આહવાન કરવામાં આવ્યું હતું સાથે સાથે સમાજમાંથી વર્ષો જૂના કુરિવાજો દૂર કરવા અને સમાજને વ્યસન મુક્ત એક તંદુરસ્ત અને વ્યસન મુક્ત સમાજનાં નિર્માણ માટે ઉપસ્થિત જનમેદનીને ભનુભાઈ ડાભી દ્વારા આહવાન કરવામાં આવેલ સાથે સાથે હાલનાં સમયમાં થતા સાયબર ફ્રોડ અંગે સાયબર સુરક્ષા અંગે માર્ગદર્શન ઉજવણીની સાથે સાથે જનહિતમાં સુરક્ષાલક્ષી માહિતી પણ પૂરી પાડવામાં આવી હતી. લીલીયા પોલીસ સ્ટેશનના પી.આઈ. એમ.ડી. સાળુંકે દ્વારા સાયબર ફ્રોડ અંગે વિશેષ માર્ગદર્શન અપાયું હતું. લોકો ડિજિટલ યુગમાં છેતરાય નહીં તે માટે સાયબર ફ્રોડથી બચવાના ઉપાયો આવેલ જન મેદનીનેસમજાવ્યા હતા. પોલીસ વિભાગ દ્વારા હાજર રહેલી વિશાળ જનમેદનીને સાયબર ફ્રોડ અંગે જાગૃતિ ફેલાવતા પેમ્પલેટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ તકે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, ભીખાભાઈ ધોરાજીયા, સરપંચ વિજયભાઈ શેખલીયા, વલ્લભભાઈ ઝિંઝુવાડીયા, જીવનભાઈ વોરા, જગદીશભાઈ ઠાકોર, નીતિનભાઈ ત્રિવેદી, ખોડાભાઈ માલવિયા, કેપ્ટન ધામત, ઉદ્યોગપતિ વિનુભાઈ રામાણી, બાબુભાઈ મકવાણા, કાંતિભાઈ સાથલીયા, મનીષભાઈ માંડવીયા, યોગેશભાઈ દવે, અલ્પેશભાઈ સોલંકી, ભુપતભાઈ, પ્રવીણભાઈ, વિજયભાઈ ભાલાળા, ગોવિંદભાઈ ચાવડા, જીવરાજભાઈ પરમાર, દકુભાઈ બુટાણી હાર્દિક દવે સહિતનાં રાજકીય સામાજિક આગેવાનો ઉપસ્થિત રહેલ કાર્યક્રમનું આયોજન સમગ્ર ચુવાળીયા કોળી સમાજ તેમજ જય વેલનાથ યુવા ગ્રુપ લીલીયા મોટા દ્વારા કરવામાં આવેલ હતું.

# ખાંભા : પિંગળવીર હનુમાનજી દાદાના મંદિરે હનુમાન જયંતીની ઉજવણી





અમરેલી, તા. ૨

ખાંભા હનુમાન જયંતીની ઠેરઠેર ઉજવણી કરવામાં આવે છે ત્યારે ખાંભા શહેરના પિંગળવીર હનુમાનજી દાદાના મંદિરે ભાવભેર હનુમાન જયંતીની ઉજવણી કરવામાં આવી હતી મંદિરને લાઈટથી ડેકોરેશન કરી શણગારી કરવામાં આવ્યો હતો. અને સાંજે મહા આરતીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. હનુમાન ચાલીસાને પાઠ કરવામાં આવ્યા હતા તેમજ મહાપ્રસાદનું દાતા વિશાલભાઈ ધનસુખભાઈ ધંધુકિયા દ્વારા આયોજન કરવામાં આવ્યુ હતું. પાંચથી સાત હજાર જેટલા ભાવિ ભકતોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો અને ખાંભા શહેરના મોટાભાગના વિસ્તારના હનુમાનજી મંદિરે પણ હનુમાન જયંતીની ઉજવણી કરવામાં આવી હતી અને શરબતનું વિતરણ કરવામાં આવ્યું હતું. આમ ખાંભા શહેરના મોટાભાગના હનુમાનજી દાદાના મંદિરે હનુમાન જયંતીની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી.

# રાજુલા ખાતે હનુમાન જયંતીની આસ્થાભેર ઉજવણી



અમરેલી, તા. ૨

રાજુલા શહેરમાં કષ્ટભજન દેવ કેસરીનંદર હનુમાન દાદાના જન્મોત્સવમાં ભકિત, શકિત, સંસ્કૃતિનો સંગમ વહેલી સવારથી જ ભાવિકોની ભીડ કેસરીયના નંદ મંદિરના મહંત સનાતન દાસબાપુ આગેવાનીમાં વિશેષ પૂજન, અર્ચન, મહાપ્રસાદ, આરતી શણગાર દર્શન હનુમાન ચાલીસાના પાઠ તેમજ કેસરી નંદ કષ્ટભજન દાદાને થાળ ધરવામાં આવ્યો હતો રાધે કૃષ્ણ મંદિરની આરતી ગુરૂ રામ બાલકદાસ બાપુ મુર્તિ પૂજા આ આરતી પૂજાનો અનિરૂત્સવ આપણા શહેરના એમ.એલ. હીરાભાઈ સોલંકી દર્શનનો લાભ લધી હતો. શહેરના ભકતજનોની ભીડ જામી હતી દર્શનનો લાભ લીધો હતો બહેનો દીકરીઓ વડીલો ભાઈઓ શહેરના દરેક મંદિરમાં ભકિતભાવને ભોજન ત્રિવેણી સંગમ જોવા મળ્યું હતું. શહેરના મોટા વડીલો પધાર્યા હતા રઘુભાઈ ખુમાણ, વિજયભાઈ કોટીલા, વસંતભાઈ સોરઠીયા, મનીષભાઈ વાળા, બકુલભાઈ વોરા, દિલીપભાઈ વોરા, કમલેશભાઈ મકવાણા, દુષ્યંત ભટ્ટ.

# રાજુલાનાં દેવકા વિદ્યાપીઠમાં પૂ. ભાઈશ્રીની નિશ્રામાં ‘કાવ્યહેલી’ કવિ સંમેલન યોજાયુ









રાજુલા તાલુકાના દેવકા ગામે દેવકા વિદ્યાપીઠના ગ્રાઉન્ડમાં વિશાળ સમીયાણા નીચે ઉભા કરાયેલા વિશાળ સ્ટેજ પર પ.પૂ. ભાઈ શ્રી રમેશભાઈ ઓઝાની નિશ્રામાં ‘કાવ્યહેલી’ કવિ સંમેલન જીટીપીએલ ગુજરાતી, સૌરભ સંસ્થાન રાજુલા તથા દેવકા વિદ્યાપીઠના સંયુકત ઉપક્રમે તા. ૩૧ માર્ચના સાંજે ૫ થી ૮ યોજાયો હતો. કવિ સંમેલનનાં પ્રારંભમા પ.પુ. ભાઈ શ્રી તથા ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના હાથે દિપપ્રાગટય થયુ હતુ. દેવકા વિદ્યાપીઠના પ્રિન્સીપાલ બેલાબેન નાયકે આવકાર પ્રવચન, પ્રાસંગિક પ્રવચન લોકસાહિત્ય સેતુ અમરેલીના પ્રમુખ ઈતેષભાઈ મહેતાએ કર્યુ હતુ. આ કાર્યક્રમમાં અમદાવાદ જીટીપીએલ ગુજરાતી ચેનલનાં હેડ જયેન્દ્ર મીલવાર ચીફ ગેસ્ટ તરીકે તથા દેવકા વિદ્યાપીઠના ટ્રસ્ટી ગૌતમભાઈ ઓઝા તથા સૌરભ સાહિત્ય સંસ્થાન રાજુલાના પ્રમુખ શશિભાઈ રાજયગુરૂ તથા અમદાવાદ જીટીપીએલ ગુજરાતી ‘કાવ્યહેલી’ કાર્યક્રમના પ્રોગ્રામ ડિરેકટર શૈલેષ પંડયા કવિ ‘ભીનાશ’ ઉપસ્થિત રહ્યા હતા. અતિથિ વિશેષ તરીકે અમરેલી લોકસાહિત્ય સેતુના સ્થાપક પ્રમુખ મહેન્દ્રભાઈ જોષી તથા પ્રમુખ ઈતેષભાઈ મહેતા હાજર રહ્યા હતા. ‘કાવ્યહેલી’ કવિ સંમેલનનુ સંચાલન શૈલેષભાઈ પંડયા કવિ ‘ભીનાશ’એ કર્યુ હતુ. ઉપસ્થિત કવિઓએ કાવ્ય, સુર, શબ્દ અને સંવેદનાથી સભર રચનાઓની હેલી વરસાવી હતી ને ભાવકો ભાવવિભોર થયા હતા. કવિ હરજીવન દાફડાએ આવડે એવા અટકચાળા કરૂ છુ સહિત સંવેદનાની ગઝલો રજુ કરી હતી. કવિ તુષાર વ્યાસ, વિમલ અગ્રાવત, ગોપાલ ધકાણ, કેતન કાનપરિયા દ્વારા માનવીય સંવેદના અને વ્યવહારીક અને સાંસારીક વિટંબણાઓ પર કવિતાઓ રજુ કરીને ભાવકોને રસ તરબોળ કર્યા હતા. કવિ જે.પી. ડિર દ્વારા લોકઢાળમા ‘પાંડુરંગ પ્રાણથી પ્યારો’ રજુ થયુ હતુ. સ્થાનિક કવિ લખમણભાઈ વાવડીયાએ ગાય માતાની વારે આવવા મુરલીધરને વિનંતી કરતુ ગીત રજુ કર્યુ હતુ. કવિ શશિભાઈ રાજયગુરૂ કવિ ‘હેમાળવી’એ કૃષ્ણની વ્યથાનુ ગીત તથા પુ. ભાઈશ્રીની જન્મભૂમિ એવા દેવકા પર ગીત રજુ કરતા હાજર શ્રોતાઓએ તાળીઓના નાદ સાથે સાથ પુરાવ્યો હતો ને વાતાવરણ કવિતામય બની ગયુ હતુ. દેવકાના વતની એવા કવિ અને લોકસાહિત્યકાર શૈલેષભાઈ વાઘેલાએ ગીરના સાવજનુ ખમીર રજુ કરતુ ગીત રજુ કરતા શ્રોતાઓ મંત્રમુગ્ધ બન્યા હતા. આ કાર્યક્રમમાં ઉપસ્થિત નવોદિત કવિઓ વિભાકર પંડયા– મહુવા, રાહુલ મહેતા, નસીમબેન પઠાણ–રાજુલા, મયૂર કવા–દેવકાએ રચનાઓ રજુ કરી હતી. દરેક કવિઓ ને પ્રમાણપત્ર, પુસ્તક, પુરસ્કાર આપીને પુ. ભાઈશ્રીના હસ્તે સન્માન થયુ હતુ. આભારવિધિ શશિભાઈ રાજયગુરૂએ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે જીટીપીએલ ગુજરાતી કાવ્યહેલી કાર્યક્રમ દ્વારા આઉટડોર કવરેજ કરીને ગુજરાતના છેવાડાના સાહિત્ય સર્જકોને સ્ટેજ અને પ્રોત્સાહન આપી રહ્યા છે. કાર્યક્રમ પાછળ અને તેના શુટીંગ અને કવરેજ પાછળ લાખો રૂપિયા ખર્ચ કરી રહેલ છે ને કાવ્યહેલીને સમગ્ર ગુજરાતમાં બહોળો પ્રતિસાદ મળી રહેલ છે ને સાહિત્ય સર્જકોમાં સમગ્ર ગુજરાત લેવલે ઉત્સાહ પ્રવર્તી રહેલ છે. પુ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝાની આ કાર્યક્રમમાં ઉપસ્થિતિના કારણે આ કાર્યક્રમની પ્રસિધ્ધિને વેગ મળશે. આ કાર્યક્રમ અન્વયે માર્ગદર્શન પોરબંદર સાંન્દીપની પરિવારના મનોજભાઈ મોઢા તથા ગીરીષભાઈ પુરોહિત દ્વારા થયુ હતુ. સમગ્ર કાર્યક્રમનુ સંકલન અને આયોજન કિશોરભાઈ પટેલ, જીતુભાઈ સરવૈયા, મનોજભાઈ વ્યાસ દ્વારા કરવામાં આવ્યુ હતુ. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન વિજયભાઈ મહેતા–સાવરકુંડલા દ્વારા કરવામાં આવ્યુ હતુ. ધૈવતભાઈ ત્રીવેદી તથા મહેશભાઈ જોટંગીયા અમદાવાદ, ભરતભાઈ વ્યાસ– રાજુલાએ શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો. આ કાર્યક્રમમાં ભાનુદાદા રાજગોર, નથુભાઈ સોલંકી–વેરાવળ, હમીરભાઈ સોલંકી, મનુભાઈ ધાખડા, જીતુભાઈ તેરૈયા, હરેશભાઈ તેરૈયા, વિ.હિ.પ.ના યુવરાજભાઈ સાંદુ, ગૌરાંગભાઈ મહેતા, મનિષભાઈ વાઘેલા, પ્રવિણભાઈ જાની, કાળુભાઈ વાઘ, મનસુખભાઈ કુંભાણી, કાળુભાઈ માલાણી, ઝા સાહેબ મહુવા, વિપુલભાઈ મહેતા, મનોજભાઈ સંઘવી, ગોપાલભાઈ ભુવા, કનુભાઈ વરૂ, અનકભાઈ વાળા, કથુભાઈ કોટીલા, જોરૂભાઈ ધાખડા, રાકેશભાઈ દવે, પ્રમોદભાઈ કાનપરિયા, સંજયભાઈ ત્રીવેદી, ટી.પી.ઓ. સુમરા, પ્રવિણભાઈ જેઠવા, લલિતભાઈ, કરશનભાઈ ચૌહાણ, કમલેશભાઈ મકવાણા, નિ.ડી.વાય.એસ.પી. ઠાકર, રૂત્વીકભાઈ ત્રીવેદી–મસુંદડા, મનસુખભાઈ તરસરીયા–માંડળ, રામભાઈ દેવકા, રમેશભાઈ મારૂ, વિષ્ણુભાઈ ભાલીયા, વિપુલભાઈ લહેરી, પ્રિતેશભાઈ મહેતા, મનસુખભાઈ વાઘેલા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

હવે... બદલાશે સારવારની પરીભાષા
NETRA CHIKITSA TRUST
24/7 Emergency Services
મગજ, મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત સર્જનની ઓપીડી–અમરેલીમાં
તા.૦૪/૦૪/૨૦૨૬, શનિવાર,સવારે ૧૨:૦૦ થી ૨:૦૦ સુધી
દર મહિનાના પહેલા શનિવારે નિયમીત મળશે.
❖ અકસ્માતને કારણે થતી મગજ,મણકા અને કરોડરજ્જુની ઈજાઓ
❖ મગજ અને કરોડરજ્જુની ગાંઠોની સારવાર તેમજ સર્જરી (માઈક્રોસ્કોપિક અને એન્ડોસ્કોપિક)
❖ મણકા, ગાદી અને કરોડરજ્જુની તકલીફો અને માઈક્રોસ્કોપિક સર્જરી (નાનો ચીરો મુકીને)
❖ જન્મજાત માથામાં પાણીનો ભરાવો અને કરોડરજ્જુની ખોડખાંપણ
❖ લોહીની નળીના ફુગ્ગાની સારવાર (એન્યુરીઝમ ક્લીપિંગ)
❖ ટ્રાઈજેમીનલ ન્યુરાલ્જીયા
❖ લકવાની સારવાર ( પેરાલિસિસ ) ❖ સ્ટીરિયોટેક્ટિક બાયોપ્સી
ડો.શ્રુત દોશી
(MBBS, MS, DrNB Neurosurgery)
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી–૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

## આધુનિકતાનાં યુગમાં પણ અંધશ્રધ્ધા દૂર થતી નથી

# અમરેલીનાં ઢોલરવામાં જીવતા સમાધિ બોગસ : જાથા

**છેલ્લા ૨ મહિનાથી સમાધિ જાહેર કરી ઘરે–ઘરે પધરામણી થતી હતી**

**૨ એપ્રિલનાં રોજ સમાધિ લેવાની હોય તે સમયે વિજ્ઞાન જાથાની ટીમ પહોંચી**

**સમાધિનો પર્દાફાશ થતાં ગ્રામજનો જમ્યા વગર ઘર તરફ રવાના થયા**

**ગામનાં સરપંચ બાબુભાઈ વાળાની ઉત્કૃષ્ટ કામગીરીની જાથાએ પ્રશંસા કરી**



અમદાવાદ, તા. ૨

અમરેલી જિલ્લાના ઢોલરવા ગામના અરજણ રૂડાભાઈ ખુમાણે કરેલી સમાધિની જાહેરાતથી ભારત જન વિજ્ઞાન જાથાની ટીમ રૂબરૂ જવાથી સમગ્ર ઘટના બેબુનિયાદ બોગસ–ડિંડક સાબિત થઈ હતી. પરિવારે તૂતની કબુલાત આપતા ભાવિકોમાં રોષ ફાટી નીકળ્યો હતો. સમાધિની સમય મર્યાદામાં ઈચ્છા મૃત્યુ થયું ન હતું તેથી પરિવાર–સમાજ સાથે ગામને નિચા જોણું થયું હતું. જાથાને કબુલાતનામું આપતા મામલો થાળે પડયો હતો.

બનાવની વિગત પ્રમાણે અમરેલી જિલ્લાના ઢોલરવા ગામમાં રહેતા ભકત અરજણભાઈ ખુમાણે બે મહિના પહેલા ૨ જી એપ્રિલે ઈચ્છા મૃત્યુથી સમાધિ લેવાની જાહેરાતથી પોતાના સમાજમાં કૌતુક ઉભું કર્યુ હતું. ધર્મ પારાયણ જીવન જીવતા હોય શ્રધ્ધાળુઓએ સાચું માની ઘરે ઘરે પધરામણી, કંકુ પગલા કરાવી સન્માનની સાથે ખુશી ભેટ આપતા હતા. સમાધિની તારીખ નજીક આવતા સમાજના જાગૃતોએ ખુમાણ પરિવારની હકિકત જાથા સમક્ષ મુકી હતી. ભાવિ પેઢી માટે નુકશાનકારક, અંધશ્રદ્ધા તરફ દોરી જનારૂં કૃત્ય હોય જાથાને હાજરી આપવા માહિતી આપી હતી. ધતિંગ–ડિંડકથી વિશેષ કશું જ નથી. સમાધિ બાદ ડેરી–સ્થાનક બનાવી કમાવવાનું તર્કટ હોય તો લોકહિતમાં ઉજાગર કરવાની વાત મુકી હતી. જાથાએ તુરંત ગામમાં કાર્યકરને

અનુસંધાન પાના ૬ ઉપર

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catering service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંઘીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

શ્રી ગણેશ
3D/4D સોનોગ્રાફી & એકસરે ક્લિનિક
ડો. ભરત બી. પાડા MBBS, DMRE
Consultant Radiologist & Sonologist
બી.એમ. ચોક. માણેકપરા. મેઈન રોડ. લીલીયા રોડ. અમરેલી
ફોન : ૦૨૭૯૨ - ૨૨૦૩૩૩ મોબાઈલ : ૯૯૨૫૨ ૬૭૯૮૧ - ૯૯૦૧૮ ૨૯૪૯૧

દુઃખદ અવસાન/બેસણું
અ.નિ.શ્રી મહેન્દ્રભાઈ નાગજીભાઈ ચોટલીયા
અ.નિ.તા.૦૧-૦૪-૨૦૨૬,સંવંત-૨૦૮૨ ચૈત્રસુદ-૧૪,બુધવાર
અમારા જમાઈશ્રી મહેન્દ્રભાઈ નાગજીભાઈ ચોટલીયા (ઉ.વ.૬૫) ગં.રાજકોટવાળા,તા.૦૧/૦૪/૨૦૨૬, બુધવારના રોજ અક્ષર નિવાસી થયેલ છે. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...
તેઓનું શ્વસુર પક્ષનું બેસણું બાબરા મુકામે અમારા નિવાસ સ્થાને રાખેલ છે.
બેસણું : તા.૦૪-૦૨-૨૦૨૬, શનિવાર, સાંજે ૪ થી ૬
સ્થળ : રામનગર સોસાયટી, રાજકોટ રોડ, બાબરા
લી.
નાનજીભાઈ પરશોત્તમભાઈ કાચા - 99091 89379
અનિલભાઈ નાનજીભાઈ કાચા - 94272 77606
ભરતભાઈ નાનજીભાઈ કાચા - 94271 72791
મુ. બાબરા, જી. અમરેલી

સ્વાસ્થ્યની સફરમાં તમારો આજીવન સાથી
૧૨,૦૦૦+ દર્દીઓના જીવનમાં હોમિયોપેથી દ્વારા સકારાત્મક પરિવર્તન
લાંબી અને જટિલ માંદગીમાંથી મુક્તિ માનસિક સ્વાસ્થ્ય, ન્યુરોલોજીકલ અને ચેતાતંત્રના રોગો, ચામડી અને સૌંદર્યલક્ષી રોગો, શ્વસનતંત્રના રોગો, સ્ત્રીરોગ, હોર્મોન્સ અને ડાયાબિટીસની સારવાર કિડની અને મૂત્રમાર્ગના રોગો, પેટ અને પાચનના રોગો, સાંધાના રોગો
SANSKAR HOMEO CARE
ડો. જીતેન્દ્ર પટેલ (BHMS)
સંસ્કાર હોમિયો કેર
લાઈફલાઈન કોર્નર સામે, માણેકપરા અમરેલી
MO.9998362335

## ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોની આર્થિક હાલત વધુ ખરાબ થશે

# એપ્રિલ મહિનાનાં પ્રથમ દિવસથી જ મોંઘવારીનાં ઝટકા પર ઝટકા : જનતાનાં ખિસ્સા વધારે ખાલી થશે

**ડોલર સામે રૂપિયો ઐતિહાસીક રીતે તળીયે જઈ રહ્યો છે**

અમદાવાદ, તા. ૨

એપ્રિલ મહિનાના પ્રથમ દિવસથી જ મોંઘવારીના ઝટકા પર ઝટકા થી દેશના ગરીબ સામાન્ય મધ્યમવર્ગનાં લાખો પરિવારો વધતી જતી મોંઘવારીના ખપ્પરમાં ધકેલાઈ રહ્યા છે. શું આ અચ્છે દીન છે ? તેવો ભાજપ સરકારને વેધક પ્રશ્ન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડો. મનીષ દોશીએ જણાવ્યું હતું કે સૌથી મોટો ઝટકો ત્યારે આવ્યો જયારે કોમર્શિયલ એલપીજી સિલિન્ડરનો ભાવ ૨૦૦

અનુસંધાન પાના ૬ ઉપર

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

Sheetal
Combo Offers!!
1 Veg. Cheese Pizza (Big) + 1 Veg. Cheese Sandwich (Grill) + 2 Cold Drinks + 2 Icecream Scoop
₹540/-
₹399/-
શીતલ આઈસ્ક્રીમ પાર્લર - રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ સામે, અમરેલી. 02792-220867 ઓફર : 15/03/2026 to 15/04/2026

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)